RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com
# ન્યુઝ ઓફ ગાંધીનગર
NEWS OF GANDHINAGAR (Daily) दैनिक
E mail - prdpraval@yahoo.co.uk
Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
Volume : 10 Issue No. 135 Date: 06.03.2024 Wednesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# પરિવારવાદીઓએ દેશને બરબાદ કર્યો: મોદી



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૪ કલાકમાં ફરી એકવાર તેલંગાણા પહોંચી ગયા છે.વડાપ્રધાને સૌથી પહેલા સિકંદરાબાદના શ્રી ઉજ્જૈની મહાકાલી મંદિરમાં પૂજા કરી હતી. ત્યારબાદ તેઓ અહીંથી ૬૦ કિલોમીટર દૂર સંગારેડ્ડી પહોંચ્યા હતા. મોદીએ તેલંગાણાના સંગારેડીમાં અનેક પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું હતું.અહી રેલીમાં સંબોધન કરતા પીએમ મોદીએ ફરી એકવાર પરિવારવાદ બાબતે વિપક્ષ પર નિશાન સાધ્યું હતું. સ્એ કહ્યું- શું તમે જાણો છો કે તેઓ શા માટે દુર્વ્યવહાર કરી રહ્યા છે? આ મોદી તેમની આંખમાં શા માટે ડંખની જેમ ખટકે છે? કારણ છે - હું તેમના લાખો રૂપિયાના કૌભાંડોનો પર્દાફાશ કરી રહ્યો છું.મોદીએ કહ્યું- સત્તામાં રહીને વિપક્ષના લોકોએ ભ્રષ્ટાચાર માટે જમીન-આકાશ વેચી દીધા અને પોતાની હવેલીઓ બનાવી. મેં આજ સુધી મારું ઘર પણ બનાવ્યું નથી. મેં ગુજરાતનો મુખ્યમંત્રી રહેતા અને હવે દેશના વડાપ્રધાન પદે રહેતા અત્યાર સુધીમાં ૧૫૦ કરોડ રૂપિયાની ભેટોની હરાજી કરી અને તેનો ઉપયોગ જનતાની સેવામાં કર્યો.વડાપ્રધાને કહ્યું- ગઈકાલે પણ હું તેલંગાણામાં હતો અને આજે પણ આવ્યો છું. આ બે દિવસોમાં ૬૩ હજાર કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરવામાં આવ્યું. તમે પણ જાણો છો કે મોદી જે કહે છે,તે કરીને બતાવે છે. મેં કહ્યું હતું - અમે સમગ્ર વિશ્વમાં ભારતને એક નવી ઊંચાઈ પર લઈ જઈશું. આજે તમે જોઈ રહ્યા છો કે કેવી રીતે ભારત સમગ્ર વિશ્વમાં આશાનું કિરણ બનીને નવી ઊંચાઈઓને સ્પર્શી રહ્યું છે.મોદીએ કહ્યું- આજે જ્યારે મોદી તમને અને તમારા પરિવારને આપવામાં આવેલી ગેરંટી પૂરી કરવામાં વ્યસ્ત છે, ત્યારે કોંગ્રેસ અને તેના સહયોગીઓ મોદી અને મોદીના પરિવાર સાથે દુર્વ્યવહાર કરી રહ્યા છે. તેનું કારણ એ છે કે હું તેમના લાખો રૂપિયાના કૌભાંડોનો પર્દાફાશ કરી રહ્યો છું. હું આ લોકોના પરિવારવાદ સામે મારો અવાજ ઉઠાવી રહ્યો છું. કોઈ અંગત આક્ષેપો કર્યા નથી. હું તેમના પરિવારવાદ વિરુદ્ધ બોલી રહ્યો છું. કોઈ અંગત આક્ષેપો કર્યા નથી. હું તે બરાબર કરી રહ્યો છું કે નહીં. તમે જમ્મુ અને કાશ્મીરથી તામિલનાડુ સુધી જુઓ, જ્યાં પરિવારવાદી પક્ષો શાસન કરી રહ્યા છે, તે પરિવારો મજબૂત બની ગયા પણ રાજ્ય મજબૂત થયું નથી. રાજ્યો બરબાદ થઈ ગયા.મોદીએ કહ્યું- મેં એક જ પરિવારના ૫૦-૫૦ લોકોને પદ સંભાળતા જોયા છે. તેઓ કહે છે કે મોદી સાથે અમારી વિચારધારાની લડાઈ છે. આ વિચારધારાની લડાઈ છે. તેઓ કહે છે ફેમિલિ ફર્સ્ટ, મોદી કહે છે નેશન ફર્સ્ટ. આ વિચારધારાઓની લડાઈ છે.વડાપ્રધાને કહ્યું- તેમના માટે તેમનો પરિવાર જ સર્વસ્વ છે. મારા માટે દેશનો દરેક પરિવાર સર્વસ્વ છે. તેમણે પોતાના પરિવારના હિત માટે દેશના હિતનું બલિદાન આપ્યું. મોદીએ રાષ્ટ્રીય હિત માટે પોતાનું જીવન ખપાવી દીધું. આ પરિવારના સભ્યો એટલા અસુરક્ષિત છે કે તેમણે દેશના હજારો યુવાનોને રાજકારણમાં આગળ વધવા દીધા નથી. કોંગ્રેસ પહેલા પરિવારવાદી નહોતી, પરંતુ જ્યારથી તે પરિવારવાદી બની છે, ૫૦ વર્ષથી ઓછી ઉંમરના લોકોને પ્રમોટ કરવામાં આવતા નથી. કોઈને બેસાડવા હશે તો ૮૦-૮૫ વર્ષના કોઈને બેસાડી દેશે. તેઓ ડરતા હોય છે કે જો કોઈ ૫૦-૫૫ વર્ષનો માણસ આવીને તેમની આગળ નીકળી જશે તો પરિવારનું શું થશે. મોદી દેશની રાજનીતિમાં સતત ઈમાનદાર યુવાનોને આગળ લાવી રહ્યા છે.

આ પરિવારવાદીઓએ દેશને લૂંટ્યો અને પોતાની તિજોરી ભરી. મોદીએ જ્યારે પણ તક મળી ત્યારે પોતાના પગારમાંથી અમુક રકમ લોકો માટે ખર્ચી નાખી છે. તેમણે મોંઘી-મોંઘી ભેટ લીધી, તેના દ્વારા કાળા નાણાને વાઈટ કરવામાં આવ્યા. મોદીને મળેલી ભેટોની હરાજી થાય છે. અત્યાર સુધી આ રીતે લોકોની સેવામાં લગભગ ૧૫૦ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા છે.પરિવારવાદીઓએ દેશની ખાણો, મોંઘી જમીન અને આકાશ પણ વેચી દીધું. દેશના નિર્માણ માટે, તમારું ભવિષ્ય બનાવવા માટે, તમારા બાળકોના ભવિષ્યના નિર્માણ માટે મોદી દિવસ-રાત કામ કરી રહ્યા છે. આ પરેશાન થયેલા લોકો મારો પરિવાર ન હોવાની વાતો કરી રહ્યા છે. આજે ૧૪૦ કરોડ દેશવાસીઓ એક અવાજમાં કહી રહ્યા છે, હું છું મોદીનો પરિવાર.વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૧૦ દિવસમાં ૧૨ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની મુલાકાત લેશે. આ સમયગાળા દરમિયાન તેઓ ૨૯ કાર્યક્રમમાં ભાગ લેશે. ન્યૂઝ એજન્સી છઉૈંએ અધિકારીઓને ટાંકીને જણાવ્યું હતું કે પીએમ મોદી આગામી ૧૦ દિવસમાં તેલંગાણા, તામિલનાડુ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, બિહાર, જમ્મુ અને કાશ્મીર, આસામ, અરુણાચલ પ્રદેશ, ઉત્તરપ્રદેશ, ગુજરાત, રાજસ્થાન અને દિલ્હીની મુલાકાત લેશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઝારખંડ અને પશ્ચિમ બંગાળના બે દિવસીય પ્રવાસે છે. ૧ માર્ચના રોજ તેઓ સૌથી પહેલા ધનબાદ પહોંચ્યા અને બરવાડામાં જનસભાને સંબોધી હતી. તેમણે જેએમએમ-કોંગ્રેસ ગઠબંધન સરકાર પર નિશાન સાધ્યું. પીએમે કહ્યું- અગાઉ ઝારખંડમાં કોલસાના ઢગલા જોવા મળતા હતા, હવે તે નોટોના ઢગલા જોવા મળે છે. પૂર્વ સીએમ હેમંત સોરેન પર નિશાન સાધતા તેમણે કહ્યું હતું કે અહીં જે નારા લગાવવામાં આવી રહ્યા છે તેનો પડઘો જેલ સુધી પહોંચવો જોઈએ.

## હૈદરાબાદથી જેદ્દાહ જતી ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટને અમદાવાદ એરપોર્ટ પર ડાયવર્ટ કરાઈ

અમદાવાદનું સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ પશ્ચિમ ભારતમાં તેની ઓપરેશનલ એફિસ્યન્સી માટે છેલ્લા કેટલાક વર્ષથી ખુબ જાણીતું બન્યું છે. વિવિધ એરલાઈન્સની એક ફ્લાઈટ અમદાવાદ એરપોર્ટ સાથે કનેક્ટિવિટી ધરાવે છે. તદુપરાંત ઘણી બધી ફ્લાઈટ રિફ્યુઅલિંગ માટે પણ અમદાવાદ એરપોર્ટ પહોંચે છે. ત્યારે ગઈકાલે મોડી રાત્રે હૈદરાબાદથી જેદ્દાહ જતી ફ્લાઈટ અમદાવાદ એરપોર્ટ પર ડાયવર્ટ કરવામાં આવી હતી.

ઈન્ડિગો એરલાઈન્સની રાત્રે ૮:૧૦ કલાકે હૈદરાબાદ એરપોર્ટથી જેદ્દાહ જતી ફ્લાઈટ ૫૦ મિનિટના વિલંબ બાદ રાત્રે ૯:૦૦ કલાકે હૈદરાબાદ એરપોર્ટથી ઉડાન ભરીને જેદ્દાહ જવા રવાના થઈ હતી, પરંતુ ઈન્ડિગો એરલાઈન્સની હૈદરાબાદ-જેદ્દાહની ફ્લાઈટ ૬ઈ૬૭-છ૨૧ઙ્ઘ માં ટેક્નિકલ ખામી સર્જાતા અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ પર ગ્રાઉંડ કરવામાં આવી હતી. તેને કારણે ચાર મિનારના શહેર હૈદરાબાદથી જેદ્દાહ જતા ૨૦૦થી વધુ મુસાફરો અટવાઈ ગયા હતા.

## ઈલોન મસ્કને પાછળ છોડીને દુનિયાના સૌથી ધનવાન વ્યક્તિ બન્યા જેફ બેઝોસ

નવી દિલ્હી, તા. ૦૫

ટેસ્લાના સીઈઓ અને સ્પેસએક્સના માલિક ઈલોન મસ્કે લાંબા સમયથી વિશ્વના સૌથી ધનવાન વ્યક્તિનું સ્થાન મેળવ્યુ હતુ. જોકે હવે તેઓ દુનિયાના સૌથી ધનવાન વ્યક્તિ રહ્યા નથી. એમેઝોનના ફાઉન્ડર જેફ બેઝોસ આ ધનવાનોની લિસ્ટમાં પહેલા સ્થાને આવી ગયા છે અને તેમણે ઈલોન મસ્કને બીજા સ્થાન પર ધકેલી દીધા છે. એમેઝોનના ફાઉન્ડર જેફ બેઝોસની પાસે અત્યારે ૨૦૦ અબજ ડોલરની



સંપત્તિ છે અને આ સાથે જ તેઓ વિશ્વના સૌથી ધનવાન બિઝનેસમેન અને ધનવાન વ્યક્તિ બની ગયા છે. જોકે જેફ બેઝોસની સંપત્તિમાં પણ ૫૦૦ મિલિયન ડોલરનો ઘટાડો આવ્યો છે પરંતુ તેમની કુલ નેટવર્થ ૨૦૦ બિલિયન ડોલર પર છે જે ઈલોન મસ્કની કુલ સંપત્તિ કરતા વધુ છે. આ વર્ષે અત્યાર સુધીમાં જેફ બેઝોસે પોતાની સંપત્તિ ૨૩.૪ બિલિયન ડોલર વધારી દીધી છે જ્યારે ઈલોન મસ્કની નેટવર્થ આ વર્ષે ૩૧.૩ બિલિયન ડોલર ઘટી છે.ગ્લોબલ બજારોમાં ઈલોન મસ્કની કંપની ટેસ્લાના શેરોમાં ભારે ઘટાડો આવ્યો છે અને જેના કારણે ઈલોન મસ્કની નેટવર્થમાં કુલ ૧૭.૬ બિલિયન ડોલરનો ઘટાડો આવ્યો છે.

## વડાપ્રધાન મોદી અને સીએમ યોગીને જાનથી મારવાની ધમકી, વીડિયો પણ બનાવ્યો, પોલીસ દોડતી થઈ

નવી દિલ્હી, તા. ૦૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને જાનથી મારવાની ધમકી આપવાના આરોપમાં એક વ્યક્તિ સામે કર્ણાટકના યાદગિરીમાં હ્લૈંઇ નોંધવામાં આવી છે. હાલ, આરોપીને શોધવા માટે પોલીસ વિસ્તારના જુદા-જુદા ભાગોમાં વહેંચાઈ ગઈ છે.યાદગિરી પોલીસે કહ્યુ કે સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કરવા માટે મોહમ્મદ રસૂલ કદ્દારે નામના વ્યક્તિ સામે કેસ નોંધવામાં આવ્યો હતો. જોકે આ આરોપીએ કોંગ્રેસ સરકાર આવવા પર પીએમ મોદી અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને જાનથી મારવાની



ધમકી આપી હતી.આરોપી પર યાદગિરીના સુરપુર પોલીસ સ્ટેશનમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૫(૧)(મ), ૨૫(૧)(મ) અને આર્મ્સ એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસે કહ્યુ, પોતાના મોબાઈલ ફોન પર વીડિયો રેકોર્ડ કરીને રસૂલે વડાપ્રધાન મોદી અને યૂપીના સીએમ યોગી આદિત્યનાથને અસ્પષ્ટ શબ્દો કહ્યા.પોલીસે જણાવ્યુ કે કદ્દારે યાદગિરી જિલ્લાના રંગાપેટનો રહેવાસી છે અને હૈદરાબાદમાં મજૂરી કરે છે. અધિકારીઓએ કહ્યુ કે તેમણે હૈદરાબાદ સહિત જુદા-જુદા સ્થળો પર આરોપીની તપાસ શરૂ કરી દીધી છે.

## હાટકેશ્વરના કોન્ટ્રાક્ટરને ૨૬ કરોડનો શિરપાવ, બ્રિજ ૬ મહિનામાં જ તોડી નવો બનાવવાની ગુલબાંગો પોકળ નીવડી



અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના લગભગ તમામ વિભાગોમાં ભ્રષ્ટાચારે ભરડો લીધો છે. એમાં પણ રોડ્ઝ એન્ડ બ્રિજના તગડાં ટેન્ડરોમાં ગાંધી-વૈદ્યનું સહિયારાના નાતે એન્જિનિયરો, અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરની મીલીભગતમાં પ્રજાના ટેક્સના નાણાંનો ધૂમ દુરૂપયોગ થાય છે અને કામની ગુણવત્તા મટિરિયલ્સની ચોરીના કારણે અત્યંત નિમ્ન કક્ષાની હોય છે. ૪૪ કરોડના ખર્ચે બંધાયેલો હાટકેશ્વર બ્રિજ જે ૫૦ કરતાં વધુ વર્ષો સુધી ચાલવાનો હતો તેને ચાર જ વર્ષમાં તોડવાનો વારો આવ્યો જેના કારણે મ્યુનિ.ના અને સરકારના રોડ્ઝ એન્ડ બિલ્ડીગ ખાતાના વહિવટને નામોશીનો કાળો ડાઘ લાગ્યો હતો. આમ છતાં આ બ્રિજના કોન્ટ્રાક્ટર અજય ઈન્ફ્રાસ્ટ્રકચર પર આર્થિક લાભોની વર્ષા ચાલુ જ છે. આ કોન્ટ્રાક્ટર દ્વારા બંધાઈ રહેલાં પલ્લવ બ્રિજમાં ૨૬ કરોડનો ભાવવધારો ચુકવવાનો હિંમતભર્યો નિર્ણય લઈ મ્યુનિ.એ 'ભ્રષ્ટ્રાચારના મુદ્દે ઝીરો ટોલરન્સ'ની ગુલબાંગોને ખુલ્લી પાડી દીધી છે.બીજી તરફ હાટકેશ્વર બ્રિજમાં મોરબીની દુઘર્ટનાનું પુનરાવર્તન થશે તે મુદ્દે ભારે ઉહાપોહ થતાં લોકરોષને ઠંડો પાડવા મ્યુનિ.એ એવી જાહેરાત કરી હતી કે ૬ જ મહિનામાં હાટકેશ્વર બ્રિજને તોડી પડાશે અને ત્યાં નવા બ્રિજનું નિર્માણ કરાશે, જેના નાણાં કોન્ટ્રાક્ટર અજય ઈન્ફ્રાસ્ટ્રકચર પાસેથી વસુલ કરવામાં આવશે. આ જાહેરાતને સવા વર્ષ થવા આવ્યું છતાં હજુ સુધી તો બ્રિજને તોડવા માટેનું ટેન્ડર પણ મંજુર થયું નથી. ત્રણ-ત્રણ વખત ટેન્ડર ફેઈલ ગયું છે. બીજી તરફ કોન્ટ્રાક્ટરની ખૂલ્લી તરફદારી કરતો એક વિચાર એવો પણ વહેતો થયો છે કે બ્રિજ પાડવાનો ખર્ચ તેમાંથી નિકળનારા લોખંડના ભંગારમાંથી ઘણોખરો વસુલ થઈ જશે, જેથી કોન્ટ્રાક્ટરને નાણાંકિય માર ના પડે અને ફરી નવો બ્રિજ બનાવવાની વાતને લાંબા સમય સુધી વિસારે પાડી દેવાની.આડા કાન કર્યા હતાં.




કોંગ્રેસ સાથે ૪૦ વરસ થી જોડાયેલ દિગ્ગજ ,પૂર્વ કેબિનેટ મંત્રી,પૂર્વ કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ,વિધાનસભા વિરોધપક્ષ ના ૧૦ વરસ સુધી રહેલા અને હાલના ચાલુ કોંગ્રેસ ના ધારાસભ્ય શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા અને રાજુલા વિસ્તાર ના મૂળ ભાજપ માંથી બહુજન પક્ષ અને પછી કોંગ્રેસ ના ધારાસભ્ય બનેલ શ્રી અમરીશ ડેર આજે ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ માં હાથે પ્રદેશ ભાજપ ના નેતાઓ ની હાજરી માં પોતાના કાર્યકરો સાથે કમલમ ખાતે વિધિવત ખેસ પહેરી ને જોડાઈ ગયા..

## તંત્રી લેખ......

# ભાજપનો ભરતી મેળો : ધોવા બૂરાઈને બધે ગંગા વહે છે આપની

મોદીજીની ભારતીય જનતા પાર્ટી ૨૦૧૪માં ૨૮૨ સીટો જીતી હતી. ૨૦૧૯માં તો ત્રેવડી સદી.? ૩૦૩ બેઠકો. ૨૦૨૪માં હવે ૪૦૦ પારનો ગોલ સેટ કર્યો છે. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિ.નો ધ્યેય મંત્ર છે : ર્યુર્રિ ૈજ ક્ષૈકી (વિકાસ એ જ જીવન). મોદીજીની ભારતીય જનતા પાર્ટીએ ધીરુભાઈ અંબાણીના જયેષ્ઠ પુત્રને જેવી રીતે અપનાવ્યો છે તે રીતે ધીરુભાઈએ આપેલા તે સૂત્રને પણ અપનાવ્યું છે; પણ એક ફેરફાર સાથે : ર્યુર્રિ ટ્વં ટ્વહઅ ર્જૈ ૈજ ક્ષૈકી (કોઈપણ ભોગે વિકાસ એ જ જીવન).

શાહબુદ્દીન રાઠોડનો એક જોક છે : 'મારે આટલું ભણેલી, આવો દેખાવ ધરાવતી, આવા ખાનદાનવાળી કન્યા સાથે જ પરણવું છે.'-ના આગ્રહો રાખીને બેઠેલો યુવક આધેડ અવસ્થાએ પહોંચી ગયો ત્યાં સુધી એનું ઠેકાણું ન પડયું છે. છેવટે કન્યા માટે એણે નક્કી કરેલા માપદંડો સાથે બાંધછોડ કરી; અને એ હદે કરી કે 'ગમે તેટલું ભણેલી, ગમે તે જ્ઞાતિની ને કોઈપણ ઉંમરની કન્યા ચાલશે. ૩૬ વર્ષની એક કન્યા ન મળે તો ૧૮-૧૮ વર્ષની બે પણ ચાલશે.' મોદીજીની ભારતીય જનતા પાર્ટી વિના કારણે અત્યારે એ આધેડ અવસ્થાના પુરુષ જેવું વર્તન કરવા માંડી છે. ૪૦૦નો આંકડો પાર કરવા માટે ભલભલા ૪૨૦માં પણ ભાજપને શ્રી ૪૨૦ દેખાવા લાગ્યા છે.'કોઈપણ ભોગે ૪૦૦ બેઠકો'-ના લક્ષ્યાંકે કેવા-કેવા ખલનાયકો માટે ભાજપે દરવાજા ખોલી આપ્યા છે તેનું આદર્શ ઉદાહરણ જો કોઈ હોય તો તે છે મહારાષ્ટ્રના ભૂતપૂર્વ કોંગ્રેસી મુખ્યમંત્રી અશોક ચવ્હાણ. અશોક ચવ્હાણની ઓળખ મેળવવા માટે આપણે ફ્લેશબેકમાં એટલે કે ૧૫ વર્ષ પાછળ જવું પડશે.

# ગુજરાતની ૧૮૨ વિધાનસભા સ્તરે નારી શક્તિ વંદન યાત્રાના માધ્યમથી પદયાત્રા સ્કુટી સાઈકલ રેલીમાં બહોળી સંખ્યામાં બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો

પ્રદેશ પ્રમુખ શ્રી સી આર પાટીલજીના માર્ગદર્શનમાં પ્રદેશ મહિલા મોરચાના પ્રમુખ ડો દિપીકાબેન સરડવાજીની અધ્યક્ષતામાં સમગ્ર ગુજરાતની ૧૮૨ વિધાનસભા સ્તરે નારી શક્તિ વંદન યાત્રાના માધ્યમથી પદયાત્રા સ્કુટી સાઈકલ રેલીમાં બહોળી સંખ્યામાં બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં મહિલાઓના નેતૃત્વ માં વિકાસની ગતિશીલતા વધી છે અને મહિલાઓના જીવનની દિશા બદલાય છે આજે કેટલીક બહેનોએ મુદ્રા લોન દ્વારા લોન મેળવી છે તો કેટલીક બહેનોએ જીવનમાં પ્રથમવાર બેંકમાં જે ખાતું ખોલાવ્યું છે કરોડો મહિલાઓએ પહેલીવાર પોતાના ઘરમાં સિલિન્ડરનો ઉપયોગ કરીને ધુમાડાથી મુક્તિ મેળવી બીજી તરફ સ્ટેન્ડ અપ અને સ્ટાર્ટઅપમાં ક્રાંતિ કરીને દેશભરની છોકરીઓ અને મહિલાઓએ પોતાનો વ્યવસાય શરૂ કર્યો છે સ્ટાર્ટઅપથી લઈને અવકાશ સુધી મહિલાઓ તેમના સપના સાકાર થતા જોઈ રહી છે.

આજે છોકરીઓ ઉચ્ચ શિક્ષણના ભવ્ય અભ્યાસ છોડી રહી નથી આજે પરિવારો તેમની દીકરીઓના જન્મની ઉજવણી કરી રહ્યા છે.

આજે મહિલાઓ સુરક્ષિત અને આત્મનિર્ભરતાની લાગણી અનુભવી રહી છે.આ આભાર વ્યક્ત કરીને અને આગામી લોકસભાની ચૂંટણીમાં વડાપ્રધાનને ફરી એકવાર વડાપ્રધાન બનાવવાના સંકલ્પ સાથે મહિલા શક્તિ વંદન યાત્રાના માધ્યમથી વડાપ્રધાન શ્રી પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી રહી છે, અને આગામી લોકસભાની ચૂંટણીમાં ફરી એકવાર મોદી સરકાર બનાવવાનો સંકલ્પ કર્યો.

પ્રદેશ પ્રમુખ શ્રી સી આર પાટીલજીના માર્ગદર્શનમાં પ્રદેશ મહિલા મોરચાના પ્રમુખ ડો દિપીકાબેન સરડવાજીની અધ્યક્ષતામાં સમગ્ર ગુજરાતની ૧૮૨ વિધાનસભા સ્તરે નારી શક્તિ વંદન યાત્રાના માધ્યમથી પદયાત્રા સ્કુટી સાઈકલ રેલીમાં બહોળી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો . ડો દિપીકાબેન સરડવાજી ગાંધીનગર વિધાનસભામાં ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર ગુજરાત રાજ્યમાંથી બહોળી સંખ્યામાં મહિલાઓ નારી શક્તિ વંદન યાત્રામાં જોડાઈ હતી



# પાટણ જિલ્લામાં માતેલા સાઢની જેમ ચાલતા ટર્બો ચાલકો સામે લગામ ક્યારે ??



પાટણ જિલ્લામાં અત્યારે હાલના સમયમાં રેતી તેમજ માટી ભરેલા ઓવરલોડ ટર્બો તેમજ ડમ્પર ચાલકો બેફામ બન્યા હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે ત્યારે વહીવટી તંત્ર દ્વારા પણ આંખ આડા કાન કરતું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે ત્યારે દિન પ્રતિદિન આવા ઓવરલોડ ફાર્મ ચાલતા ટર્બો તેમજ ડમ્પરોના કારણે અકસ્માત બનવાના પણ કિસ્સાઓ સામે આવી રહ્યા છે માં કેટલાયની જિંદગી હોમાઈ ગઈ છે ત્યારે વહીવટી તંત્ર દ્વારા આવા બેફામ રીતે કાયદાનું પાલન કર્યા સિવાય ચાલતા ટર્બો તેમજ ડમ્પર સામે લાલ આંખ કરે તેવી ભારે માંગ ઉઠવા પામી છે

પાટણ શહેરની અંદર તેમજ આવેલા આજુબાજુ તાલુકાઓની અંદર હાઈવે રોડ પર કાયદાકીય પાલન કર્યા સિવાય તેમજ માટી તથા રેતી ભરેલ ડમ્પરની ઉપર તાટપત્રી બાંધ્યા વગર બેફામ રીતે દોડી રહેલા ટર્બોચાલકો તેમજ ડમ્પરચાલકો સામે લાલ આંખ કરવામાં આવે તેવી ભારે માંગ ઉઠવા પામી છે ગત સમયમાં પણ પાટણ શહેરની અંદર અકસ્માતોના બનાવો બનવા પામ્યા છે જેમાં ટર્બો ટ્રકની ટક્કરે કેટલીય જિંદગીઓ હોમાઈ ગઈ છે ત્યારે વહીવટી તંત્ર તથા આરટીઓ દ્વારા આવા બેફામ રીતે કાયદાનું ઉલ્લંઘન કરીને ચાલતા વાહન ચાલકો સામે કાયદાકીય રીતે કાર્યવાહી કરવામાં આવે તેવી ભારે માંગ ઉઠવા પામી છે

**નિખીલ જોષી : પાટણ જીલ્લા બ્યુરોચીફ**

### આત્મનિર્ભર ગૌશાળા વિષય પર ભોપાલ ખાતે

# એક દિવસીય શિબિરમાં પૂર્વ કેન્દ્રિય મંત્રી, રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથીરિયા નું માર્ગદર્શન

મધ્યપ્રદેશ ગૌ સંવર્ધન બોર્ડ દ્વારા આગામી તારીખ ૦૬ ના રોજ સવારે ૧૧:૦૦ થી સાંજે ૦૭:૦૦ વાગ્યા સુધી કુશાભાઉ ઠાકરે સભા ગ્રુહ (મિન્ટો હૉલ)ખાતે ગૌરક્ષા સંવાદ, આત્મા નિર્ભર ગૌશાળા જેવા વિષયો પર એક દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

મધ્યપ્રદેશના પશુપાલન અને ડેરી વિભાગના પ્રધાન લખન પટેલના અધ્યક્ષ સ્થાને યોજનારી આ શિબિરમાં મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડો. મોહન યાદવ, નાયબ મુખ્યમંત્રી જગદીશ દેવદા અને રાજેન્દ્ર તેમજ નગર વિકાસ અને આવાસ સંસદીય કાર્યના પ્રધાન કૈલાશ વિજય વર્ગીય, પંચાયત અને ગ્રામ વિકાસ, શ્રમ ખાતાના પ્રધાન પ્રહલાદ પટેલ ઉપસ્થિત રહેશે.

નિરાશ્રીત ગૌવંશ અને ગૌશાળાનું સુચારુ સંચાલન થાય એ વાતને કેન્દ્રમાં રાખી વિવિધ વિષયના તજજ્ઞો વચ્ચે વિચાર વલોણું થશે. જેમાં પૂર્વ કેન્દ્રિય મંત્રી, રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ ડો.વલ્લભભાઈ કથીરિયા ઉપસ્થિત રહી આત્મા નિર્ભર ગૌશાળા કેવી રીતે થઈ શકે તેના પર પોતાના વિચારો વ્યક્ત કરશે.

# મધ્ય ગીર મા આવેલ પ્રાચીન પાતાળેશ્વર મહાદેવ નું મંદિર મહા શિવરાત્રી નિમિતે તા,૫/૩ને મંગળ વાર થી ભકતો ના દર્શન માટે સાત દિવસ ખુલ્લું રહેશ

ઊના

હિતેષ જોષી દ્વારા

ઊના પાસે ગીર ગઢડા તાલુકાના બાબરીયા ગીર ગામે થી જંગલ ની મધ્યમાં સાત કિલોમીટર દૂર મીની કેદાર નાથ સમુ પ્રાચીન અને પૌરાણિક પાતાલેશ્વર મહાદેવ નું શિવ મંદિર સેકડો વરસ જૂનું છે. વરસ માં માત્ર બે વાર મહાશિવરાત્રી નિમિત્તે સાત દિવસ અને શ્રાવણ માસ માં ત્રીસ દિવસ શિવ ભક્તો માટે પૂજા અર્ચના કરવા વન વિભાગ દ્વારા ખુલ્લું મુકવા માં આવેછે. આગામી મહા શિવરાત્રી નિમિત્તે તા.૫/૦૩/૨૪ને મંગળ વારે સવારે સાત વાગ્યે થી ગીર બાબરીયા રેન્જ ની દ્વારા વિના મુલ્યે યાત્રિકો ને પ્રવેશ કરવા પરમીટ કાઢી પ્રવેશ આપવામાં આવશે આ મંદિર તા ૧૧/૦૩/૨૪ને સોમ વાર સુધી ખુલ્લું રહેશે તેમજ આ દિવસો દરમિયાન બાબરીયા મા આવેલ પાતાલેશ્વર મહાદેવ આશ્રમ દ્વાર ભક્તો ને વિના મુલ્યે ચા, દૂધ આપવામાં આવશે તેમજ મહા શિવરાત્રી ના દિવસે આશ્રમ દ્વાર ભકતો માટે ફરાળ ની વ્યસ્થા કરવામાં આવશે તો તમામ ભકતો ને લાભ લેવા મંદિર ના મહંત ધરમદાસ ગુરૂ શ્રી નિર્વાણ દાસ બાપુ ઉદાસીન આશ્રમ બાબરીયા વાળા એ જણાવેલ છે.

# કિસાન આંદોલન ગુજરાતના ખેડૂતોના હિતમાં છે.

**હાલ ખેડૂત આંદોલન સોશિયલ મીડિયામાં છવાયેલું છે તો આપણે પણ સમજવાની કોશિશ કરીએ કે આખો મામલો શું છે.**

**આ વખતની માંગણીઓ,**

**૧) સ્વામીનાથન સમિતિની ભલામણ અનુસાર ઝ +૨ની વાસ્તવિક દરે ગણતરી કરી ખેડૂતોને ટેકનો ભાવ આપવાનો કાયદો કરવામાં આવે.**

**સ્વમીનાથનજીને ભારત-રત્ન ઈલ્કાબ આપવામાં આવ્યો તે સારું કર્યું, પરંતુ માત્ર ઈલ્કાબથી ના તો સ્વામિનાથનજીનો આત્મા રાજી થશે ના દેશના ખેડૂતોનું ભલું થશે. સ્વામિનાથનજીનો આત્મા ત્યારે જ રાજી થાય જયારે એમને પ્રિય એવા ખેડૂતોને એમણે કરેલી ભલામણ અનુસાર ભાવ આપવાનો કાયદો થાય.**

**જે લોકોને દેશનું અર્થતંત્ર આનાથી તૂટી જવાની બીક લાગતી હોય એ અલગથી ચર્ચા કરવા આવી શકે અને એમની શંકાનું નિવારણ કરવા માટે અમો ખેડૂતો સક્ષમ છીએ!**

**૨) દેશભરના ખેડૂતોનું દેવું માફ કરવામાં આવે.**

**છેલ્લા ૧૦ વર્ષમાં ગણતરણીના ઉદ્યોગપતિઓનું ૧૪,૦૦,૦૦૦ (ચૌદ લાખ) કરોડ રૂપિયા દેવું માફ કરવામાં આવ્યું છે.**

**આખા ભારતમાં લગભગ ૧૫ કરોડ જેટલા ખેડૂતો માથે ૨૧ લાખ કરોડ રૂપિયા દેવું છે! જો ગણતરીના મિત્રોના ૧૪ લાખ કરોડ માફ કરવાથી અર્થતંત્ર તૂટી ના જાય, ઈકોનોમી ડૂબી ના જાય તો ખેડૂતોના ૨૧ લાખ કરોડથી ઈકોનોમી કેવી રીતે ડૂબી જાય? ઉલ્ટા એ બેંકોમાં જવાથી, દેવા મુકત થવાથી ખેડૂતોની ખરીદ-શક્તિ વધશે જેની સીધી અસર ઉત્પાદન વધારા થકી નવા રોજગાર ઉભા કરવામાં, અર્થતંત્રને ગતિ આપવામાં ઉપયોગી થશે. પેલા ૧૪ લાખ કરોડ ગણતરીના લોકોના બેન્ક ખાતામાં ગયા જે મોટેભાગે પોતાની ખરીદી વિદેશથી મોંઘી બ્રાન્ડોની કરે છે જે દેશમાં સ્થાનિક ઉત્પાદનને વેગ આપતી નથી. જયારે સામાન્ય માણસની ખરીદી સ્થાનિક હોય છે જે નાના ફેરિયા-વેપારી-દુકાનદાર-હોલસેલર-ઉત્પાદકને રોજગાર આપે છે. ઉત્પાદન વધતા રોજગાર વધે છે. હાલના મંદીના સમયમાં આ ઘણું ઉપયોગી પુરવાર થશે.**

**૩) જમીન સંપાદન અધિકારનો કાયદો-૨૦૧૩નું પાલન કરવામાં આવે, એમાં મોદી સરકારે પાછળથી કરેલા સુધારા રદ કરવામાં આવે.**

**મોદી સરકારે સત્તા મળ્યા પછી પહેલું કામ, જેમણે ચૂંટણીની જંગી સભાઓ માટે ભરપૂર આર્થિક મદદ કરી હતી એવા ઉદ્યોપતિ મિત્રોનું ઋણ ચૂકવવા માટે ૨૦૧૩માં બનેલા જમીન સંપાદનના કાયદામાં સરકારી સંપાદન માટે ૭૦% ખેડૂતોની અને ખાનગી ઉદ્યોગો માટે ૮૦% ખેડૂતોની સહમતી અનિવાર્ય કરી હતી તે જોગવાઈ રદ કરવા સહિતના ઘણા ફેરફારો કર્યા હતા. એવી જ રીતે જાહેર હિતની વ્યાખ્યા બદલી નાખી હતી. આવી ખેડૂત વિરોધી તમામ જોગવાઈઓ રદ કરવાની માંગણી તદ્દન વ્યાજબી છે.**

**૪) લખીમપુર-ખેરીમાં આંદોલન કરી રહેલા ખેડૂતો ઉપર વાહન ચડાવી દેનારા ગુનેગારોને સજા કરવામાં આવે. ખેડૂતોને ડરાવવા માટે ઈરાદાપૂર્વક થયેલું આ કૃત્ય હતું એવું ખેડૂતો દ્રઢ પણે માને છે, ગુનેગારોને સજા કરવાની માગણીમાં કશું જ ખોટું નથી, એ માંગણી સ્વીકારવી જ જોઈએ.**

**૫) ભારતે વિશ્વ-વ્યાપાર સંગઠનમાંથી ખસી જવું અને મુક્ત-વ્યાપાર સંધિઓ રદ કરવી.**

**વિશ્વ-વ્યાપાર સંઘઠનની જોગવાઈઓ અનુસાર ખેતીમાં અપાતી સબસિડીઓ દૂર કરવાની છે. એના ભાગ રૂપે જ ખેડૂતોને મળતા ખાતરની થેલીઓ વજનમાં નાની થઈ રહી છે અને ભાવ વધી રહ્યા છે. ખાતરના વધતા ભાવ વિશ્વ વ્યાપાર સંગઠનને આભારી છે. જમીનના ટુકડા છે, ઉત્પાદન ખર્ચ ઊંચો છે, મશીની ખેતી કરી શકે એમ નથી. ભારતનો ખેડૂત હજી વિદેશના ખેડૂતોની હરીફાઈ કરી શકે એટલો સક્ષમ નથી એટલે આયાત-ડ્યુટી જરૂરી છે.**

**૬) ખેડૂતો અને ખેત મજૂરોને પેંશન આપવું.**

**ખેડૂતો અને મજૂરો માટે પેંશન યોજના હોવી જોઈએ. બદલાતા સામાજિક વાતારણમાં જિંદગીભર ખેતરમાં મજૂરી કરનારા લોકોને સંતાનો ઘડપણમાં સાચવશે જ એવી કોઈ ગેરંટી નથી. જેમને આજીવન લોકોના પેટ ભર્યા એમને અશક્ત-ઘડપણમાં ભૂખ્યા કે લાચાર જિંદગી ગુજારવી પડે એ સમાજ કે સરકારને શોભે નહીં. વધતા ઘરડા-ઘર લાલબત્તી છે, સરકારે આગોતરી વ્યવસ્થા વિચારવી પડશે. વિકસિત દેશો પોતાના નાગરિકોને સામાજિક સલામતી આપે છે, ભારતે જો પોતાને વિશ્વ-ગુરુ, વિકસતી, ૫ ટ્રિલિયન ઈકોનોમી ઓળખાવવું હોય તો વિકસિત દેશોની સરખામણીમાં પોતાના નાગરિકોને સામાજિક સલામતી અને સંપૂર્ણ લોકશાહી અધિકારો આપવા રહ્યા. રસ્તા પર બેરિકેડ લગાવવા, ખીલ મારવા ને સિમેન્ટ ભરવો એ વિક્સિત દેશની નહીં, જંગલરાજમાં માનતા દેશની નિશાની છે.**

**૭) વીજળી કાયદામાં કરેલો સુધારો પાછો ખેંચવામાં આવે.**

**આ માંગણી અતિ આવશ્યક છે. ઉદારીકરણના દોરમાં વીજ ઉત્પાદન પછી વીજ-વિતરણ ખાનગી કંપનીઓના હાથમાં મુકવા માટે આ કાયદામાં ઘણી એવી જોગવાઈઓ છે જે આગળ જતા ખેતી અને ખેડૂતો માટે મૃત્યુ ઘંટ સાબિત થઈ શકે. હાલ કદાચ કોઈને સારું પણ લાગતું હોય તો આગળ જતા પછતાવો સિવાય કશું નથી.**

**૮) આગળના આંદોલનમાં જીવ ગુમાવનારા ખેડૂતોના પરિવારોને વળતર ચૂકવવું.**

**લહ્ઠાકાંડ, એકસીડંટ વગેરેમાં વળતર ચૂકવાય છે તો સરકારની જીદ્દ સામે સંઘર્ષ કરનાર ખેડૂતોના પરિવારોને કેમ નહી? કમી સરકારની તપસ્યામાં હતી, ખેડૂતોની તપસ્યામાં નહી! તો પછી સરકારે વળતર ચૂકવવું જ પડે.**

**૯) હાલ મનરેગા યોજનામાં ૧૦૦ દિવસના કામનો અધિકાર આપવામાં આવ્યો છે તે વધારીને ૨૦૦ દિવસ, રોજી ૭૦૦ રૂપિયા અને એને ખેતીકામ સાથે જોડવાની માંગણી છે.**

**મનરેગા ભ્રસ્ટાચારનું માધ્યમ બની ગયો છે, જો એને ખેતીકામ સાથે જોડવામાં આવે તો હાલ ગામડામાં સીઝનમાં ખેડૂતોને વેઠવી પડતી મજૂરોની અછત અને સીધી દેખરેખને કારણે ભ્રસ્ટાચાર નથી ને યોજનાનો યોગ્ય અમલ થઈ શકે.**

**૧૦) નકલી બિયારણો, ખાતરો, દવાઓ બનાવતી કંપનીઓ ઉપર કડક નિયંત્રણો અને સજાની જોગવાઈ કરવામાં આવે. બિયારણોની ગુણવત્તા સુધારવામાં આવે.**

**નકલી બિયારણ, ખાતર, દવાને કારણે દર વર્ષે લાખો ખેડૂતોની આખી સીઝન ફેલ જાય છે, ખેડૂતોને રોવાનો વારો આવે છે. હાલના કાયદામાં અનેક છટકબારીઓને કારણે ખેડૂતો અફસોસ-વસવસો-ગુસ્સા સિવાય કશું કરી શકતા નથી. આ કાયદાની સખ્ત જરૂર છે, એમની છટકબારીઓ રોકવી, કડક નિગરાની અને એમાં ચાલતા ભ્રસ્ટાચારને કાબુમાં કર્યા વગર ખેડૂતોને બચાવી શકાય એમ નથી. ગુજરાત તો દરેક બાબતમાં નકલીનું કેન્દ્ર બનતું જાય છે.**

**૧૧) હળદર, મરચા જેવા મસાલા પાકો માટે અલગ નિગમ બનાવવામાં આવે.**

**૧૨) આદિવાસી સમાજોને પાણી, જંગલ અને જમીન ઉપર અધિકાર આપવામાં આવે.**

**આ બાબતમાં બનેલા ફોરેસ્ટ રાઈટ એક્ટ, પેસા એક્ટ અને પછી કેમ્પા એક્ટ આદિવાસી સમાજોને ન્યાય અપાવી શક્યા નથી. એ એકટોની મૂળભાવનાનું પાલન કરવું અતિ-આવશ્યક છે. દેશમાં ચાલી રહેલા હિંસક આંદોલનના મૂળમાં સદીઓથી ચાલ્યો આવતો આ અન્યાય છ.**




ભારતીય જનતા પાર્ટીના રાજકોટ લોકસભાના લોકલાડીલા ઉમેદવાર અને ભારત સરકારશ્રીના કેન્દ્રીય મંત્રી મારા વડીલ શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા સાહેબનું અમારા નિવાસ સ્થાને સ્વાગત કરી પાઘડી પહેરાવી ને સન્માન કરેલ અને નગર દેવ સ્વયંભુ રામનાથ દાદા ની ધજાજી ચડાવેલ અને આશીર્વાદ મેળવ્યા હતા.જીતુ મહેતા.ભાજપ નેતા.રાજકોટ

### પાટણની ધારપુર હોસ્પિટલમાં

# આયુષ્યમાન કાર્ડ ધારક દર્દીઓ પાસેથી પૈસા લેવાના આરોપ લાગતાં હોસ્પિટલમાં આક્ષેપો દબાવવાની કરાઇ કોશિશ



પાટણ જીલ્લાના ધારપુર ખાતે આવેલી જી એમ ઇ આર એસ મેડિકલ હોસ્પિટલમાં દાખલ થયેલા તેમજ પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડ ધરાવતા ગરીબ દર્દીઓ પાસેથી હોસ્પિટલ અંદર જ કેટલાક ડોકટરો ની મીલીભગત થી વચેટીયાઓ દ્વારા પૈસા પડાવવામાં આવતાં હોવાના ગંભીર આક્ષેપ લાગતાં તો સૌ પ્રથમ હોસ્પિટલ ના સત્તાધિશો દ્વારા યેનકેન પ્રકારે આ આક્ષેપો દબાવવાની ભરપૂર કોશિશ કરવામાં આવી હતી તેમ છતાં ન દબાવવામાં આવતા છેવટે સમગ્ર આક્ષેપો બાબતે તપાસ ના આદેશ આપવામાં આવ્યા છે તેમ જાણવા મળ્યું હતું

પાટણ નજીક આવેલ ધારપુર મેડિકલ હોસ્પિટલ ખાતે આવેલા કેટલાક વિભાગની અંદર ડોક્ટર ની મીલીભગત થી વચેટીયાઓ દ્વારા પૈસા પડાવવાનો આક્ષેપો લાગતાં ખળભળાટ મચી જવા પામ્યો હતો જેમાં ધારપુર મેડીકલ હોસ્પિટલ ના પુર્વ કર્મચારી મૌલિક પરમાર નામના વ્યક્તિ દ્વારા આક્ષેપ કરાયો છે કે હોસ્પિટલમાં ફરજ બજાવતા ડો પુલકીત મોદી અને ડો મેહુલ ખત્રી દ્વારા પોતાના નરેશ નામના વચેટીયા મારફતે હોસ્પિટલમાં આવેલ લોબી માંજ પૈસા પડાવતાં હોવાનો આક્ષેપ કરીને વિડિયો વાઇરલ કરવામાં આવ્યો હતો તેમજ સિધ્ધપુર તાલુકાના નેદ્રા ગામના ગરીબ દર્દી ભારતીબેન ઠાકોર ની માતાએ પણ ગંભીર આક્ષેપો લગાવ્યા હતા કે તેઓની દીકરીને ઓપરેશન માટે ધારપુર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી ત્યારે હોસ્પિટલના ડોક્ટરના વચેટીયાઓ દ્વારા ૧૯,૦૦૦ રૂપિયા ની માંગણી કરવામાં આવી હતી તેમજ ૧૯,૦૦૦ હજાર આપ્યા બાદ જ ઓપરેશન થશે તેવા પણ ગંભીર આક્ષેપ કરવામાં આવ્યા હતા

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO. 0059**
વિષયઃ પાનખર પ્રકારઃ ગદ્ય્ય - લેખ
શિર્ષકઃ વસંત ના વધામણા
શબ્દો ૩૧૫.
શ્ર?જયકાન્ત ઘેલાણી ★પ્યારે★

આવક તો જાવક !
નફો. તો નુકસાન !
પાસ તો નાપાસ , !
દૃ:ખ. તો. સુખ, , !
જન્મ. તો મૃત્યુ ?
છે આ માનવ જીવન ની ઘટમાળ?

તેમજ કુદરત ની ઘટમાળ એટલે
ઠંડી પછી ગરમી
અઘકાર પછી પ્રકાશ, ને
પાનખર પછી વસંત !
સમગ્ર વિશ્ર્વની માનવજાત જો
આજથી જ હકારત્મ્ક અભિગમ
અપનાવે તો?
તેજ ઘડીથી સમગ્ર વિશ્ર્વ મા સૂખ શાન્તી નો સુર્ય ઝળકી ઉઠશે !

પ્યારે,,આજ છે પાનખર પછી આવતી વસંતનો સોને મઢ્યો સંદેશ!
સૂર્યાસ્ત પછી સૂર્યોદય નો પ્રકાશ !

વૃંક્ષ પરથી,સુકા અને જીર્ણ ખરી

પડતા પર્ણ, વૃંક્ષને પ્રશ્ર્ન પુછેછે કે
હવે ફરી ક્યારે મળીશુ ?
ત્યારે વૃંક્ષ નો જવાબ હોયછે કે

★ઈસ ઘર ઐસી રીત ચલી આઈ★
★એક જાવત,ઔર એકઆવત હૈ★
આછે પાનખરનો સનાતન સંદેસ.
જરા કલ્પના જ કરીને કે જો પાનખર ન હોત તો ?
★પ્યારે★ આપણે સૌ
શૂ મધુરી વસંતને
માણી શક્ત?
શૂ જીંદગી નુ સનાતન સત્ય આપણે
સૌ સમજી શક્ત ?

પૂરાના જાયેગા,
તોહી નયા આયેગા ને ?

તેમજ ચાલે જીવંત ઘટમાળ !
જીવનમા આવતી દરેક ઘટના ને
જે હસ્તે મૂખે સ્વીકારે છે
તેજ જીતેછે.

પાનખર પછીજ આવે વસંત
રંગ બેરંગી રંગો લાવે વસંત
વસંત આવી...(૨)

ફાગણ કેરો ફાગ લાવી
ભાઈચારો નો તહેવાર લાવી
વસંત આવી...(૨)

યૌવન નો ઉન્માદ લાવી
આબા ડાળે મોર લાવી
વસંત આવી... . (૨)

★છે સ્વિકાર ભાવજ★પ્યારે સુખની ચાવી★
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS ™tfh - 0042**
વિષય -પાનખર શીર્ષક- કૂંપળ
શબ્દો- ૩૧૩ પ્રકાર- ગદ્ય(વાર્તા)
લેખકનું નામ- પૂજા(અલકા)કાનાણી

"ભગીરથભાઈ, કેમ આજે કંઈ બોલતા નથી?"સિનિયર સિટઝન ગ્રુપના મનહરભાઈએ ઉદાસ બેઠેલા ભગીરથભાઈને પૂછ્યું.

"મારાં, દીકરાએ વિદેશ સ્થાઈ થવાનું વિચાર્યું છે."

"આટલાં વર્ષે?અચાનક!"

"મેં પણ આજ સવાલ કરેલો! એણે તરત 'કેમ પ્રગતિ માટે કોઈ ઉંમર નક્કી કરેલી હોય! આ ઉંમરે ન જઈ શકાય? અમારે બસ અહીં રહી તમારી સેવા જ કરવાની? અમારાં ભવિષ્યનો વિચાર નહીં કરવાનો!' એવો જવાબ આપ્યો ને મારી બોલતી બંધ થઈ ગઈ."

"આજકાલના છોકરાં કીધા એટલે બસ, થઈ રહ્યું."

"અરે, મારી પત્ની ખૂબ રડી. તેની ફરજ યાદ દેવડાવી. તેમને મોટાં કરતાં કેટ કેટલાં કષ્ટ વેઠ્યાં તેની યાદી ગણાવી! અમારી વધતી જતી ઉંમરની દુહાઈ આપી પણ બધું પાણી ઢોળ!"

"મારાં અને સવજીભાઈના છોકરાં ભણવા ગયા હતાં ત્યારથી જ અમે મન વાળી લીધું હતું એટલે અમને તમારાં જેટલું દુઃખ નહોતું થયું પણ આ ઉંમરે બાળકોની કમી મહેસૂસ તો ચોક્ક?સ થાય પણ શું કરીએ!આપણી લાચારીને કોણ સમજે? આમ પણ દરેક સંબંધના પારખાં તો પાનખરમાં જ થાય ને? વર્ષાઋતુમાં તો દરેક પર્ણ લીલાં જ હોય!"

"ઓહો, આજે આટલી બધી ગંભીર ચર્ચા ચાલે છે! કે હું આવ્યો એનો તમને ખ્યાલ પણ નથી?" સિનિયર સિટીઝન ગ્રુપના પ્રમુખ મનુભાઈ હસતાં હસતાં બોલ્યા અને બધાં સાથે ચર્ચામાં જોડાઈ ગયા.

બધાંએ પોતપોતાનાં સંતાન અને નવી પેઢીનાં વિચારોમાં આવેલા પરિવર્તનની મુક્ત મને ચર્ચા કરી પણ મનુભાઈએ સરસ ઉકેલ બતાવ્યો અને તેનો અમલ કરવા બધાં કટિબદ્ધ થયાં.

વહેલી તકે મોકાની જમીન લઈ તેમાં 'આપણું ઘરનું'નિર્માણ કરવું. વૃદ્ધોની દરેક પ્રકારની જરૂરિયાત સચવાઈ રહે તે પ્રમાણેની બધી વ્યવસ્થા કરવી અને પાછળની જિંદગી, સમદુખિયા મિત્રોએ હળીમળીને રહેવું.

આજે ગાર્ડનનાં બાંકડેથી ઉભા થતાં દરેક સિનિયર સિટીઝનના આંખમાં એક અનેરું સપનું અંજાઈ ગયું હતું જે થોડાં સમયમાં હકીકત બનવાનુ હતું.ગાર્ડનમાંથી બહાર નીકળીતાં ભગીરથભાઈને કોર્નરમાં ખરેલા પર્ણને લીધે ઠૂંઠું થઈ ગયેલું ઝાડ દેખાયું અને તેને વ્હાલથી હાથ ફેરવવા લાગ્યા. અચાનક તેનું ધ્યાન સાવ નીચે જમીન પર ફૂટેલી તાઝી કૂંપળ પર પડ્યું અને તેનું હૈયું હરખાય ઉઠ્યું.
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 0050**
વિષય - પાનખર. શીર્ષક - હે પાનખર
પ્રકાર - પદ્ય લેખીકા - રાગીની શુક્લ "રાગ"
મુંબઈ.
.....................................
મને કોઈ પ્રેમ કરતું નથી
પાનખર છું ને એટલે..?
પાંદડા પીળા થઈ જતા હોય...!
સૂકાં પર્ણે ફરતાં બધે ..!
ભેંકાર વરતાવે ભર બપોરે ..!

વૃક્ષો દેખાય હાડપિંજર જેવાં..!
નિયતિનો નિયમ જે ખીલે છે એ ખરતું જ હોય છે...!
મારી જ પાનખરની વ્યથા ન્યારી...!
આ કાયાને પણ પાનખર લાગે છે...!

રાતી જવાની પળમાં રોળાઈ જાશે ...!
ના કર કાયાનું અભિમાન માનવ...!
કાયા મળી જશે એક દિ ' માટીમાં..!
અહંકાર ના કર રંગ રોળાઈ જાશે ...!

લાવણ્ય પણ ફિક્કું ફિક્કુ થાશે...!
સમય સાથે બદલાશે પુષ્પોની રંગત...!
પાનખરની હેસીયત નથી પણ...!
વસંત પાસે તાકાત છે એટલે ટકે છે...!

પેલાં ખરતા પર્ણો માટીને સ્પર્શે...!
જોતાં ઝાડ પરથી પડી જાય છે..!
જિંદગી રંગ લાવી મારે તો..!
પાનખરે વસંત આવે...!

એવું નથી પાનખરે નહીં જીવાય ..!
પણ વસંતની જેમ નહીં મનાય
જીંદગી..!
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG:SS:NO. : 142**
વિષય : પાનખર
શીર્ષક : "જીવન એક વસંત"
શબ્દો : ૨૧૩
લેખક/કવિ : શૈલેષ ભોઈ ★શૈલ★

જીવનની ગુજરી ગયેલી પ્રત્યેક ક્ષણ પાનખર જેવી છે, જે એક વખત ખર્યા પછી ફરી નથી આવવાની, એવી જ રીતે જીવનમાં આવનારી પ્રત્યેક ક્ષણ વસંત જેવી છે. એટલે વીતી ગયેલા વખતને યાદ કરીને એની પાછળ વ્યર્થ આંસુ વહાવ્યાં કરતા તો, આવનારી સોનેરી ક્ષણોને વધાવી લેવી જોઈએ.એટલેકે, સમયને સમયસર માણી લેવો જોઈએ.

જીવન રૂપી બાગમાં ખરી રહેલું એક-એક પર્ણ, એક-એક પળ બરાબર છે. જે કાયમ ખરતુંજ રહેશે, કાલની ચિંતામાં આજની ખુશી વેડફવી ના જોઈએ, એમજ કાલે વેડફી નાંખેલ સમયની પાછળ આજની કિંમતી પળ ખરાબ ના કરવી જોઈએ.

જીવનમાં જે છે એ બધું જરૂરી લાગે છે, અને જે નથી એની વગર ચાલી પણ જાય છે. એટલે જે છે એનો આનંદ માણી લેવાનો, જે નથી એના માટે થઈને જે છે એને માણવાનું ચૂકી ના જવું જોઈએ.

પાન ખરે, ફળ ફૂલ ખરે, ખરે રંગ-ઢંગ તમામ,
"શૈલ" કહેતા, જીવ બળે, જીવ ખરે શું કામ!??

જીવ નાશવંત છે, આજે ખીલશે કાલે ખરી જશે. માત્ર સમય એકલો જ બળવાન છે. એટલે સમયે-સમયે, સમયને આધીન રહીને, સમયને યોગ્ય સમય આપી વધાવી લેવો જોઈએ. આજે મળેલો સમય કાલે ફરી નઈ મળે, અને ગુમાવેલા સમયની શોધમાં હાલની ક્ષણોને બરબાદ કરીને, આવનારી ક્ષણોને પણ બરબાદ ના કરવી જોઈએ. માટે જીવનમાં ગુજરી ગયેલા સમયને પાનખર સમજી, હાલમાં મહેકતી ગુલમહોરને માણી લેવી અને આવનારા સમયની લીલી-પીળી વસંતને જીવી લેવાની તૈયારીજ રાખવી જોઈએ.
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.SS.NO:- 0088**
વિષયઃ- પાનખર વિષયઃ- પદ્ય
શીર્ષકઃ- શાશ્વત પાનખર ઉજાળીએ
લેખિકા નામઃ- ડૉ. મનીષા વ્યાસ

હજું માંડ પાનખરે દીધી છે દસ્તક દ્વારે,
સાવ એવાં ખર્યાં નથી કે પીડા થાય દિલે!

હા પડ્યાં થોડાંક પીળાં, તો શું કામ ડરવાનું?
બાકી રહી છે થોડીક ભીની લીલાશ હજું.

નથી બન્યાં એવાં સાવ, કાયાનાં બેરંગી પર્ણ;
અંગે અનોખો સોહે છે લીલોપીળો થૈ વર્ણ.

બનશે સાચી ઓળખ અધૂરી આવરદાની,
પાનખરે ખોલી દેશું, સ્વાનુભવોનો નિધિ.

જવું છે વહેંચી અહીં સઘળું મોકળા મને,
સેવા, સત્કર્મ, ધર્મથી મોજ લૂંટી લ્યો પંથે!

સિધાવશું ગાતાં ગાન જોશીલા અડગ ડગે,
ઝટ આટોપી લ્યો બધું, બાકી ના કશું રહે.

દીધો ઈશે અવતાર, જગે શ્રેષ્ઠ મનુ તણો;
રહીએ ભીતર સૌનાં, જાવું સ્થાપીને યાદો.
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No. 0200***
★વિષય : પાનખર★શીર્ષક : પાનખર★
★પ્રકાર : મોનો ઈમેજ (કલ્પન)★
★નામ : નિશીથ બક્ષી "નિજાનંદ"★
★પાનખર - મોનો ઈમેજ(કલ્પન)★
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★
(પર્ણ મનશા)

જન્મીને જમીનને જોઈ, પર્ણને થઇ જમીન સાથે મિલનની મનશા. લીલુંછમ, કોમળ પર્ણ, મોટું થતાં, થયું બરછટ, વર્ણહીન ને સૂકું ભઠ.
પાનખરે કરી તેની આ દુર્દશા. જમીન સાથે મિલન તો થયું, પણ છેક જીવન અંત સમયે.

(વસંતને ચેતવણી)

પાનખર સંતાઈને કહે વસંતને. ખીલી જા જેટલી તાકાત હોય એટલું. મારો પણ સમય આવશે, એક દિવસ. બદલાશે રંગો ને બદલાશે તારું આ રૂપ.
ફુલાઈશ નહીં વધુ.

(વિકાસની અસર)

પાનખરમાં સૂકા પર્ણએ પૂછ્યું ડાળીને.

મારો તો વારો નજીક છે. તમારા શા હાલ છે?
ડાળી કહે, બસ વિકાસ જેટલો દૂર, એટલી મારી આવરદા.

(વાયરાની વાત)

પાનખરનાં ખરતાં પર્ણને વીંઝાતો વાયરો કહે,
નથી પસંદ મને, તને ડાળથી વિખુટા પાડવાનું.
પણ હું તો વનનો વાયરો.
આજે અહીં તો કાલે તહીં.

પર્ણ કહે, અમારું પણ એવું જ ને!
આજે ઉપર તો કાલે નીચે.
પછી ક્યાં?
નથી જાણ મને કે તને.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★
***NOG SS No.167***
★વિષયઃ-"મહાશિવરાત્રી"★
★શિર્ષક;-ભોલે બાબા નમન કરવું★
★પ્રકારઃ- પદ્ય - શબ્દઃ-૫૨★
★નામઃ- નરેન્દ્ર ત્રિવેદી★

ભોલે બાબા, નમન કરવું, તુજના દ્વાર મારે
ભોલે નાથા, તિલક કરવું, તારું માથે જ મારે
આવ્યો તારે, દર પર હું, માંગુ શું? તું છે દયાલું
લોકોમાં તું, હરદમ રહે, છે જ તારો સહારો
આવે તારે, નગર પર, ખાલી ન જાયે કદીયે
ટોળી છે, ભૂતગણ ગણની, કંઠમાં વાસુકી છે
પ્યાલા પીધા, અમરત ગણી, ઝેરનાં લોકકાજે
તારે ક્યાં છે, જરૂરત કઈ, છે તું સ્મશાન વાસી
ભોલા ભોળો, અવનિ પરનો, નાથ તું તો ગણાયો
માગ્યું આપ્યું, જગત ભરને, દેર ક્યારે ન કીધી
વાગે તારું, ડમરું જગને, ઓમકારે જગાડે
સૌના માટે, ખળખળતું, સંગીત તારું વગાડે.
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:158**
વિષયઃવિશ્વ મહિલા દિવસ
પ્રકારઃપદ્ય
શિર્ષકઃ સ્ત્રી શક્તિ જગમાં મહાન.

શક્તિનો સ્ત્રોત બ્રહ્માંડની સ્ત્રી શક્તિ ,
મા અંબા જગદંબા દુર્ગા શિવ શક્તિ.
સર્વ જીવોમાં શક્તિ રૂપે;
? ?સ્ત્રી શક્તિ જગમાં મહાન.!

નારી વિણ કાંઈ નહીં નારી રત્નની ખાણ,
નારી વિણ? ના ઉપજે ભલે હોય ભગવાન.
સર્વ જીવોમાં માતા રૂપે;
? સ્ત્રી શક્તિ જગમાં મહાન.!

નારી એટલે વાત્સલ્ય નારી એટલે માંગલ્ય,
નારી એટલે માતૃત્વ નારી એટલે કર્તવ્ય.
પુરુષ સમોવડી હિંમતવાન,
સ્ત્રી શક્તિ જગમાં મહાન.!

નારી એક અગરબત્તી સહનશીલતાની મૂર્તિ,
પોતાની જાતને સળગાવી પરિવારને આપે તૃપ્તિ.
? ? નારી તુ નારાયણી;
?? સ્ત્રી શક્તિ જગમાં મહાન.!

વાત્સલ્યનો ધરતી પર સાક્ષાત અવતાર,
હર કુટુંબનો સુમધુર ને મજબૂત આધાર,
ભક્ત દાતાને સુર નીપજાવતી;
સ્ત્રી શક્તિ જગમાં મહાન.!

લક્ષ્મી ત્યારે જ ખરી કૃપા વરસાવે,
ઘરની લક્ષ્મીનું જ્યારે સન્માન થાવે.
ખીલે વ્યક્તિત્વ મળે સન્માન;
સ્ત્રી શક્તિ જગમાં મહાન.!

પુરુષ સ્ત્રી અધુરા છે વિના સન્માન,
સમાજે પણ કરવું જોઈએ સ્ત્રીનું સન્માન.
'પ્રેમ' અનોખું નારી તણું સ્થાન;
? સ્ત્રી શક્તિ જગમાં મહાન.!

પાલજીભાઈ વી રાઠોડ 'પ્રેમ' સુરેન્દ્રનગર.
★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 166**
વિષયઃ-"મહા શિવરાત્રી"
શિર્ષક :- "શિવ સ્તુતિ"
પ્રકારઃ- પદ્ય શબ્દોઃ- ૧૦૧
નામઃ- ધનજીભાઈ ગઢીયા " મુરલી" (જુનાગઢ)

દ્વાર તમારે હું આવ્યો શિવ શંકર,
ઉધ્ધાર કરજો મારો હે ભોળાનાથ,
દ્વાર તમારે હું આવ્યો શિવ શંકર...

મોહ માયામાં હું ભટકી ગયો છું.
ભટકી ભટકીને હું પછડાઈ ગયો છું,
હાથ પકડજો મારો હે દયા સાગર,
કૃપા મુજ પર વરસાવો હે કરૂણાકર.

દ્વાર તમારે આવ્યો હું શિવ શંકર,
ઉધ્ધાર કરજો મારો હે ભોળાનાથ.
દ્વાર તમારે હું આવ્યો શિવ શંકર..

મઝધાર વચ્ચે હું ઉંડે ડૂબી રહ્યો છું
ભવ સાગર હું પાર કરવા ઈચ્છું છું,
"મુરલી" તમારા શરણે હું આવ્યો છું,
હાથ જોડીને હું તમને વિનંતી કરૂં છું.

દ્વાર તમારે આવ્યો હું શિવ શંકર,
ઉધ્ધાર કરજો મારો હે ભોળાનાથ.
દ્વાર તમારે હું આવ્યો શિવ શંકર..

### પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ પ્રદેશ કાર્યાલય કોબા ખાતે

# વિકસિત ભારત સંકલ્પ પત્ર ૨૦૨૪ અંતર્ગત પ્રેસકોન્ફરન્સ અને વિકસિત ભારત મોદીની ગેરંટી વીડિયો વાનને પ્રસ્થાન કરાવ્યું



**સંકલ્પ પત્ર બનાવતા પહેલા લોકોના અભિપ્રાય મેળવવા માટે ગુજરાત ભાજપાએ વિશેષ અભિયાન શરૂ કર્યુ .**

**----**

**અભિયાનમા મુખ્ય ચાર સ્વરૂપે લોકો પાસેથી સુચનો એકત્રીત કરવામાં આવશે, સંકલ્પ પત્ર ની પેટી,નરેન્દ્ર મોદી એપ, મીસ કોલ નંબર**
**અને ઇમેલ દ્વારા જનતાના સુચનો મેળવાશે. – શ્રી સી.આર.પાટીલ**

**----**

**સંકલ્પ પત્ર જનતાના આપેક્ષાનું બને તે માટે અને દરેક લોકો તેમના સુચનો આદરણીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબને મોકલવા માટે મોબાઇલ નંબર ૯૦૯૦૯૦૨૦૨૪ અને ઇમેલએ ડ્રેસજ** ankalppatra2024@bjpgujarat.rog **પર મોકલવા.**

**----**

**વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૯ના સંકલ્પ પત્રમા આપેલા વચનો માથી ૯૫ ટકાથી વધુના કામો પુર્ણ કર્યા છે. – શ્રી સી.આર.પાટીલ**

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમા જણાવે છે કે, લોકસભા ૨૦૨૪ની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના સંકલ્પ પત્ર જનતાની અપેક્ષાનું બને તે હેતુ થી જન જન સુધી પહોંચવા તેમજ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વિકસીત ભારતના સંકલ્પને સાકાર કરવા હેતુ જનતાના સુચનો માટે આજે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ પ્રદેશ કાર્યાલય કોબા ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જનતાના સુચનો માટે મોબાઈલ નંબર૯૦૯૦૯૦૨૦૨૪ પણ આજે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ લોન્ચ કર્યો. આ નંબર પર મિસ કોલ મારી ૩૦ સેકન્ડમાં પોતાના સુચનો પણ નોંધાવી શકે છે તેમજ ઈમેલ એડ્રેસ sankalppatra2024@bjpgujaratrog પર સુચનો પણ મોકલી શકાશે.

પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ પ્રેસ મીડિયાને જણાવ્યું કે, લોકસભા ચૂંટણી હવે ટુંક સમયમાં જાહેર થશે. ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી દર વખતે જનતાની અપેક્ષાનું સંકલ્પ પત્ર રજૂ કરતુ હોય છે તે અંતર્ગત આ વખતે પણ જનતાની અપેક્ષાનું સંકલ્પ પત્ર બને તે માટે તેમના સુચનો અને તેમની જરૂરિયાત જાણવાનો પ્રયાસ કરવામા આવી રહ્યો છે જે આ સંકલ્પ પત્રમા સમાવેશ કરી શકાય.રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજીએ ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ દિલ્લીથી આ અભિયાનની શરૂઆત કરાવી છે. આ અભિયાન અંતર્ગત ગુજરાતમાંથી આશરે ૧૫ લાખથી વધુના લોકોની આશા,અપેક્ષા ભેગી કરવા આજથી અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. અભિયાનમા મુખ્ય ચાર સ્વરૂપે લોકો પાસેથી સુચનો એકત્રીત કરવામાં આવશે. સંકલ્પ પત્ર ની પેટી,નરેન્દ્ર મોદી એપ, મીસ કોલ નંબર અને ઈમેલ દ્વારા સુચનો મેળવાશે.

શ્રી પાટીલજીએ વધુમાં જણાવ્યું કે, લોકોની અપેક્ષાનું સંકલ્પ પત્ર બને તે માટે સુચન પેટી જીલ્લા મહાનગરના મુખ્ય સ્થાનો,કોલેજો સહિત સ્થળોએ પેટી મુકાશે. આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના સંકલ્પ વિકસીત ભારત મોદીની ગેરેંટી વિડિયો વાન દરેક લોકસભામાં બે વાન મોકલવામાં આવશે. આ અભિયાન અંતર્ગત કાર્યકર્તાઓ દ્વારા બુથ સ્તરે જન સંપર્ક કરી જનતાના સુચનો મેળવામા આવશે. વિવિધ સેલના માધ્યમથી જીલ્લા સ્તરે બેઠકો થકી પણ સુચનો મેળવવામા આવશે. વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૯ના સંકલ્પ પત્રમા આપેલા વચનો માથી ૯૫ ટકાથી વધુના કામો પુર્ણ કર્યા છે. ભારતીય જનતા પાર્ટી એક એવી પાર્ટી છે જે સંકલ્પ પત્રને ગંભીરતાથી લે છે. સંકલ્પ પત્ર એટલે લોકોને આપેલા વચનો ને પુર્ણ કરવા માટેનો સંકલ્પ. ભાજપાએ આપેલા વચનો પુર્ણ કર્યા છે એટલે જ આજે દેશની જનતાને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પર વિશ્વાસ છે. ગુજરાતની જાહેરજનતાને વિનતી છે કે વધુમા વધુ લોકો તેમના સુચનો મોકલે અમે શક્ય તમામ સુચનો સંકલ્પ પત્રમા સમાવેશ કરવાનો પ્રયાસ કરીશું.

# ડાંગ જિલ્લાના આહવા તાલુકાના કડમાળ ગામમા ‘‘સમાજ શિક્ષણ શિબિર’’ યોજાઇ



: આહવા:

ડાંગ જિલ્લાના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આહવા તાલુકાના પુર્વપટ્ટી વિસ્તારમા આવેલા કડમાળ ગામે ‘‘સમાજ શિક્ષણ શિબિર’’નુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા વિભાગ દ્વારા સરકારની યોજનાઓ જન જન સુધી પહોંચે તે માટે પરંપરાગત ડાંગી તમાશાના માધ્યમથી લોકોને મનોરંજન સાથે સરકારી યોજનાઓની માહિતી આપવામા આવી હતી. આદિજાતી વિકાસ અધિકારી શ્રી આર.કે.કનુજાના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ અનુસૂચિત જનજાતિના લોકોનો શૈક્ષણિક અને સામાજિક રીતે ઉત્કર્ષ થાય, સામાજિક કુરિવાજો નાબૂદ થાય અને સરકારશ્રીની વિવિધ યોજનાઓની માહિતી દરેક લોકો સુધી પહોંચે તેમજ અનુસૂચિત જનજાતિ અધિનિયમ-૧૯૮૯ (સુધારેલ ૨૦૧૫) ની જોગવાઇ હેઠળ અત્યાચારના ભોગ બનેલા વ્યક્તિ/પરિવાર અને છેવાડાના માનવીને સહાયની જાણકારી મળે તે માટે લોકોને મનોરંજન સાથે પોતાની જ ભાષામાં યોજનાઓની માહિતી મળી રહે તે માટે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ડાંગી તમાશા દ્વારા સમાજ શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. રાત્રી દરમિયાન આયોજિત પરંપરાગત માધ્યમ હેઠળના તમાશા કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત ગ્રામીણજનોને, જિલ્લા માહિતી કચેરી આહવા દ્વારા વિના મૂલ્યે યોજનાકીય પ્રચાર સાહિત્યનું વિતરણ પણ કરાયું હતું.કડમાળ ગામમા યોજાયેલ ‘‘સમાજ શિક્ષણ શિબિર’’ માં મદદનીશ આદિજાતી વિકાસ અધિકારી શ્રી ચુનીલાલ ભોવરે, સ્થાનિક આગેવાનો તેમજ સ્થાનિક ૫૦૦ થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# મતદાન જાગૃતિ અર્થે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લાની પાંચ જીઆઈડીસી એસોશિએશન વચ્ચે સમજૂતી કરાર




લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૪માં ગાંધીનગર જિલ્લાના મતદારોમાં મતદાન અંગેની જાગૃત્તિ અને લોકશાહીમાં મતદારો પોતાના મતાધિકારનું મૂલ્ય સમજે તેવા ઉમદા આશયથી ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ વિવિધ સંસ્થાઓ અને ઔધોગિક એકમો સાથે એમ.ઓ.યુ. કરવામાં આવી રહ્યા છે. આજે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ જિલ્લાના પાંચ વિવિધ એસોશિએશન સાથે એમ.ઓ.યુ. સાઇન કર્યા હતા. લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ને અનુલક્ષીને મતદારો ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય રીતે સહભાગી થાય, ચૂંટણી પ્રક્રિયા અંગે જરૂરી જાણકારી મેળવે અને મહત્તમ સંખ્યામાં મતદારો મતદાન કરવા પ્રેરાય તેવા ઉમદા આશયથી મતદાર જાગૃત્તિ અંગે વિવિધ કાર્યક્રમો- પ્રવૃત્તિઓ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મેહુલ દવેના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી રહ્યા છે. જિલ્લાની જી.આઇ.ડી.સીના એકમોમાં કામ કરતાં વ્યક્તિઓ ચૂંટણી પ્રક્રિયામાં સહભાગી બને અને તેમના મતનું મૂલ્ય સમજે તેવી જાગૃત્તિ લાવવા માટે જી.આઇ.ડી.સી.ના વિવિધ એસોશિએશન સાથે આજરોજ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ એમ.ઓ.યુ. કર્યા હતા. જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી મેહુલ દવેએ માણસા ઈન્ડસ્ટ્રીયલ એસોશિએશન, ગાંધીનગર એન્જિનિયરિંગ કોમ્પ્લેક્ષ એસોશિએશન, ગાંધીનગર ઈલેક્ટ્રોનિક ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, જી.આઈ.ડી.સી. ઈ.પી.એસઈઝેડ ગાંધીનગર એસોસિએશન અને દહેગામ જીઆઈડીસી મેમ્બર્સ એસોસિએશનના ચેરમેન સાથે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા.

આ સમજૂતી કરાર થકી ઔદ્યોગિક એકમો અને તેની સાથે સંકળાયેલ કામદારો- શ્રમિકો ચૂંટણી વિષયક તથા મતદાર જાગૃત્તિની પ્રવૃત્તિઓમાં સહભાગી થશે. તેમજ મતદાન કરવા માટે સૌને જાગૃત કરશે.

# ભાજપે કોંગ્રેસ પક્ષના નેતાઓને ભેળવી પોતાની ડરપોક માનસિકતા છતી કરી છે : ઘનશ્યામસિંહ એન. જાડેજા



રાજકોટ શહેર કોંગ્રેસ અગ્રણી અને પૂર્વ કોર્પોરેટર ઘનશ્યામસિંહ એન. જાડેજાએ યાદીમાં જણાવ્યું છે કે ભાજપ શુ પ્રજાથી ડરી ગયેલ છે? પોતાની હાર ભારી ગયા છે? જેના કારણે તેને કોગેસના કાર્યકરો પોતાના પક્ષમા લેવા પડે છે શું પોતાના પક્ષના કાર્યકરો ઉપર ભાજપને વિશ્વાસ નથી !!! કે શું ભાજપ તેમને સક્ષમ ગણતી નથી? માટે પોતાના કાર્યકરના ભોગે કોગ્રેસમાથી કમીટમેનટ કરી લાવેલ નેતાઓને હોદા ટીકીટ કે રાજય સરકારમાં મંત્રીનું પદ આપવુ પડે? આમા કોગ્રેસના કાર્યકરના બદલે ખરેખર તો ભાજપના કાર્યકર એ વિચારવાની જરૂરિયાત છે કે તેમના ભોગે કોગ્રેસમાથી આવેલ લોકો કેમ?

વધુમાં ઘનશ્યામસિંહ એન જાડેજાએ આજના યુવાનોને હુ આહવાન કરતા જણાવ્યું છે કે જો તમારે તમારુ ભવિષ્ય રાજકીય ક્ષેત્રે બનાવવુ હોય તો કોગ્રેસ પક્ષમા જોડાવ સફળતાપૂર્વક નેતૃત્વ અને કામગીરીના મેરીટ અનુસાર આપનો પ્રોગ્રેસ અને કામ કર્યાની કદર કોંગ્રેસ પક્ષજ કરશે,બાકી તો ભાજપમા પાથરણા જ પાથરસો. ભાજપ ખરેખર પ્રજા નો મિજાજ ઓળખી ગઈ છે અને પોતાની હાર ભારી ગયેલ છે નહીતર તેવો મહારાષ્ટ્ર ના અજીત દાદા સૌથી મોટા ભ્રસ્તાચારી છે તેઓ જેલમા ચક્કી પીસવાનો વારો આવતા આજે નાયબ મુખ્યમંત્રી બનાવ્યા મહારાષ્ટ્રના પુર્વ મુખ્ય પ્રધાન અશોક ચૌહાણ આદર્શ કૌભાંડના આરોપી ભાજપ એ ગણ્યા વધારામા મોદીજી આ કહેવાતા કૌભાંડને દેશના સૈનિકના સન્માન સાથે જોડતા તેમને જ ભાજપમા લાવી બીજા જ દિવસે ભાજપમા લાવી ભાજપના કમલમ વોશિંગ મશીનમા સાફ કરી રાજયસભાના સાંસદસભ્ય બનાવ્યા હવે મંત્રી પણ બનશે માટે વિચારવાનુ કે ભાજપના પાથરણા પાથરવા વાળા લોકો ને એ સારુ મને એ સમજાતુ નથી કે ભાજપના પાયાના કાર્યકરનુ હડાહડ અપમાન અને કોંગ્રેસની વિચારધારા માથી આવેલ લોકોને તે જ નેતાઓ સન્માન અને સલામ કરવાની છે આ પાથરણા વાળા કાર્યકરઓને અમે કોગ્રેસના કાર્યકર તો આવુ સહન ન કરી શકીએ કારણ અમે કાય ખોટુ કર્યુ નથી કે ગધેડાની વાહ વાહ કરવી પડે. સાલુ કાયક તો કોગ્રેસમા છે જ બાકી જે મોઢવાડીયા સાહેબ. હાર્દિક પટેલ. અલ્પેશ ઠાકોર. જેવા નેતાઓ કાયમ મોદીજીને ઢંઢોળી અપમાન આપનાર લોકો ને કેમ આગળ કર્યા માટે ભાજપ ના કાર્યકર એ તેમના મા કોઈ સન્માન છે કે કેમ તે વિચારવુ જરૂરી છે તેવું કોંગ્રેસ અગ્રણી અને વોર્ડ નં.૧૭ પૂર્વ કોર્પોરેટર ઘનશ્યામસિંહ એન. જાડેજાએ જણવ્યું છે.

## ગુજરાતનું ગૌરવ હિના મોદી



કડોદ,તા.૨૨,

ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી વર્ષ ૨૦૨૨ નું શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક હિના મોદીને -ાપ્ત થયું છે.

મૂળ ઉડિયા કવયિત્રી પારમિતા ષાડંગીનો કાવ્યસંગ્રહ હ ઇજયાનું ગુજરાતીમાં અનુવાદ કરી ગુજરાત સાહિત્ય અને ગુજરાતી ભાષાનાં રસિકો માટે અદકેરું કામ કર્યું છે. માતૃભાષા દિનની પૂર્વ સંધ્યાએ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ , સાંસ્કૃતિક મંત્રીશ્રી મૂળુભાઇ બેરા , સાહિત્ય અકાદમીના અધ્યક્ષશ્રી ભાગ્યેશ જહા અને મહામાત્ર શ્રી જયેન્દ્રસિંહ જાદવની ઉપસ્થિતિમાં પારિતોષિક એનાયત થયો.

અંજુનરશી , કુમાર આર્ટસ સહિત અનેક નામાંકિત એવોર્ડ -ાપ્ત કરનાર હિના મોદીને વર્ષ ૨૦૨૦નાં શ્રેષ્ઠ પુસ્તક માટે પણ ગુજરાત સાહિત્ય અકાદમીએ પુરસ્કૃત કર્યા હતાં .

હિના મોદીનાં પંદર પુસ્તકો, સી.ડી. આલ્બમ -કાશિત થઇ ચુક્યાં છે. દેશવિદેશમાં ઓનલાઇન અને વિવિધ વર્તમાનપત્રો , સામાયિકો માં એમની રચનાઓ -કાશિત થતી રહે છે . દેશવિદેશનાં નામાંકિત કવિઓ, લેખકો અને અદાકારો સાથે અવારનવાર મંચસ્થ પણ થતાં રહે છે.

### મહિલાઅને બાળ કલ્યાણ ક્ષેત્રેસતત કાર્યશીલ ઉદગમ ચેરીટેબલટ્રસ્ટ દ્વારા

# ચૌદ વર્ષથીવિવિધ ક્ષેત્રે કાર્યરત સન્નારીઓનેઉદગમ વુમન્સ એચિવર એવોર્ડથીસન્માનિત કરવામાં આવે છે.આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિતે સતત પંદરમાં વર્ષે ઉદગમચેરીટેબલ ટ્રસ્ટએ ઉદગમ ટ્રસ્ટી ઉષાબેન ધ્રુવકુમાર જોશીની સ્મૃતિમાં "ઉષાપર્વ" નુંઆયોજન




મહિલાઅને બાળ કલ્યાણ ક્ષેત્રેસતત કાર્યશીલ ઉદગમ ચેરીટેબલટ્રસ્ટ દ્વારા ચૌદ વર્ષથીવિવિધ ક્ષેત્રે કાર્યરત સન્નારીઓનેઉદગમ વુમન્સ એચિવર એવોર્ડથીસન્માનિત કરવામાં આવે છે.આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિતે સતત પંદરમાં વર્ષે ઉદગમચેરીટેબલ ટ્રસ્ટએ ઉદગમ ટ્રસ્ટી ઉષાબેન ધ્રુવકુમાર જોશીની સ્મૃતિમાં "ઉષાપર્વ" નુંઆયોજન તા.૦૪ માર્ચ ૨૦૨૪ના રોજ અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું.ઉષા પર્વ - ૧૫ ઉદગમ વુમન્સ એચિવર એવોર્ડથી બિઝનેસ,સમાજ સેવા, શિક્ષણ, આરોગ્ય,કલા, ફેશન વગેરે જેવા વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્રકામગીરી કરનાર ૩૦ મહિલાઓ અને ૧ પુરૂષનું બહુમાનકરવામાં આવ્યુ છે

આ કાર્યક્રમમાં વિશેષ અતિથિઓમાં કાર્યક્રમના અધ્યક્ષ ડો. કુબેરભાઈ ડીંડોર, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પુખ્ત શિક્ષણ, ગુજરાત સરકાર, મુખ્ય અતિથિ પ્રફુલ્લ પાનશેરિયા, રાજ્યકક્ષાના મંત્રી, સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ,વિશેષ અતિથિ સ્ટીવ હિકલિંગ, ડેપ્યુટી હાઈ કમિશનર, બ્રિટિશ હાઈ કમિશન, સ્વદેશી જાગરણ મંચ ગુજરાત પ્રદેશ સંગઠક મનોહર લાલજી, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જસવંતભાઈ પટેલ, અને પી.સી. સ્નેહલ ગ્રુપના એમડી ચિરંજીવ પટેલ ઉપસ્થિત હતા.

ઉદગમ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ડો. મયુર જોષી એ ઉદગમ ટ્રસ્ટની પ્રવૃત્તિઓ વિષે જણાવ્યું કે ભારતીય પરંપરામાં મહિલાઓનુંસન્માન કરવાની પ્રણાલીને વિશિષ્ઠ રીતે આગળ ધપાવવા માટેઉદગમ દ્વારા વિવિધ ક્ષેત્રમાં અથાગ પ્રયાસો થાકી વિશિષ્ઠ યોગદાન આપનાર મહિલાઓને ૧૫ વર્ષથી "ઉદ્દગમ વિમેન્સ એચિવર્સ એવોર્ડથી સંમ્માનીત કરવાનો ઉદગમનો નમ્ર પ્રયાસ છે.

એવોર્ડ સમારોહના મુખ્ય મેહમાન કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી દેવુસિંહ ચૌહાણે જણાવ્યું હતું."મહિલાઓ તમામ ક્ષેત્રોમાં અદ્વિતીય યોગદાન આપી રહી છે. આપણે વિચારી પણ ના શકીએ એવા વ્યવસાયો અને ક્ષેત્રોમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતમાં મહિલાઓ માટે હવે પહેલા કરતાં વધુ તકો છે અને મહિલાઓ તેનો મહત્તમ ઉપયોગ કરી રહી છે. હું ઉદગમ વિમેન્સએચિવર એવોર્ડના તમામ એવોર્ડીઓને અભિનંદન આપું છું. મહિલા સિદ્ધિઓનું સન્માનકરવા બદલ હું ટીમ ઉદગમ ટ્રસ્ટની પણ પ્રશંસા કરતાં અભિનંદન પાઢવું છું. મને વિશ્વાસછે કે પુરસ્કારો માત્ર વિજેતાઓ માટે યોગ્ય માન્યતા જ નહીં પરંતુ વધુ મહિલા સિદ્ધિઓમાટે પ્રેરણારૂપ બનશે.

સમગ્ર ભારતમાંથી આવેલ નોમીનેશનમાંથી જયુરી દ્વારા પસંદગી પામેલા એવોર્ડીમાં લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ આશા જયરાજસિંહ સરવૈયા,લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ ડો.મીના અશોક શાહ,હોલ ઓફ ફેમ ડો. અમી ઉપાધ્યાય,સામાજિક કાર્ય પ્રિયા નટવરભાઈ પટેલ;નીલમ અભિષેક અરુલકર;શ્રીમતી નિકિતા કેતકર;મીતા નાથ બોરા,શિક્ષણ કુ. લામિયા શમ્સ,ઉદ્યોગસાહસિક ડીપાલી ચતવાણી;દેવલ સોપારકર;કલ્પનાબેન અમર્થી ગાયકવાડ,રમતગમત અને ફિટનેસ અલકા જોષી;ડો.ઈન્દુમતી પડિયા,સાહિત્યિક માર્ગ કીર્તિકુમાર હાથી;નીતા જોશી,કલા અને સંસ્કૃતિ ઐશ્વર્યા સુલતાનિયા;ભૂમિકા વિરાણી;શ્રીમતી. રૂચા ભટ્ટ;અરૂપા લાહિરી,આરોગ્ય.આશાની શાહ;ડૉ શીતલ પંજાબી,મીડિયા-પત્રકારત્વ પૂજા ધોળકિયા,સંગીત કલ્યાણી કોઠારકર,પર્યાવરણ અલકા જોષી;નિધિ સંઘરાજકા મહેતા,ઝજીઈ લીડર નિર્મલા રાની,મેન દ્વારા મહિલા સશક્તિકરણ પ્રહર અંજારીયા,યંગ અચીવર્સ રાધિકા ભૂપતાની,ફેશન કુ. ઉષા જયસ્વાલ,ટેકનોલોજી સોનલ સોની,કોર્પોરેટ પ્રિયા સાવંતએવોર્ડ વિજેતાઓની પસંદગી માટે જયુરી તરીકે બિઝનેસ વુમન અને સામાજિક કાર્યકર પૂર્વા શાહ પટેલ, આર્કિટેક્ટ અને ડિઝાઈનર - અર્ચના શાહ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર - ઉન્મેષ દીક્ષિત, શિક્ષણવિદ ડૉ. ગીતિકા સલુજા સામાજિક કાર્યકર - પરમજીતકૌર છાબડા, તથા સામાજિક કાર્યકર અને લેખક વૈજયંતિ ગુપ્તેએ વિજેતાઓની પસંદગી કરી હતી. સમગ્ર કાર્યક્રમનુંસંચાલન દેવેન્દ્રભાઈ પારેખએ કર્યુ હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

# સ્વપ્રોની વણઝાર અટકાવવા સ્વપ્ર પર અઠ્ઠાવીસ હજાર ટકા ગબ્બરસિંહ ટેક્સ ઝીંકવા રાજુ રદી ગેંગએટલે કે આરઆરગેંગનું સજેશન!

દુનિયામા્ એક પણ ઈસમ એવો નહીં હોય કે જેણે ખુલ્લી કે બંધ રાખી સ્વપ્ર જોયા નહીં હોય..ચક્રમ માણસો પણ સ્વપ્ર જુવે છે. જેને સાહિત્યિક નામ અર્પણ કરવામાં આવેલ છે. જેમ કે, મુંગેરીલાલ કે હસીન સ્વપ્ર!કોઇ શક? કોઇ ડાઉટ?

આધ્યાત્મિક જ્ઞાન પાણીની જેમ ડહોળીએ તો જિંદગી એક સ્વપ્ર જેવી છે અને સ્વપ્ર જિંદગી જેવું છે. શું સમજ્યા ગિરધરલાલ? કંઇ ન સમજ્યા ? ઠોકો તાલી ગુરુઅ!

તમે શેખચલ્લીની હવાહવાઇ વાર્તા સાંભળી હશે! આ વાર્તા ગણતરી મારફત હવાઈ કિલ્લા ચણતા કડિયા એટલે કે આપણને સમર્પિત છે!સ્વપ્ર અખંડિત, અસ્ખલિત, અક્ષત હોતા નથી. કેટલીકવાર સ્વપ્ર જોતાં જોતાં આપણી આંખ ખુલી જાય છે અને સ્વપ્રની સ્વર્ગભૂમિમાંથી ઉરૂભૂમિ પર પછડાઈએ છીએ!

કેટલાકના મતે સ્વપ્ર મારફત આપણી અતૃપ્ત ઈચ્છા, વાસનાની આપૂર્તિ કરીએ છીએ. સ્વપ્ર જોવા અને સ્વપ્રોને સિધ્ધ કરવા એ અલગ અલગ બાબત છે. તમે ખુલ્લી કે બંધ આંખે જોયેલ સ્વપ્ર સિધ્ધ કરવા કેટલું પેટ્રોલ બાળવું પડે છે કે પાપડ વણવા પડે છે. એક કહાની ગાંવ કી ફિલ્મમાં તલત મહેમુદ સાહેબ સ્વપ્રની નિરર્થકતા સમજાવતી કહે છે કે રાતને કયા કયા ખ્વાબ દિખાયે ,રંગ ભરે સો જાલ બિછાયે,આંખે ખુલી તો સપને તૂટે,રહ ગયે ગમ કે કાલે સાયે!

એલોપેથીના પિતામહ અને ગ્રીક ફિલસૂફ હિપ્પોક્રેટ્સ માનતા હતા કે ઊંઘ્યા પછી, આત્મા શરીર છોડીને અહીં અને ત્યાં ફરે છે અને પછી શરીરમાં પ્રવેશ કરે છે. તે સમયે શરીર કોમાની સ્થિતિમાં હોય છે. પરંતુ આ બાબતમાં કેટલું સત્ય છે, તે હજુ સંશોધનનો વિષય છે. પરંતુ જ્યોતિષ શાસ્ત્ર અનુસાર સપનામાં દેખાતી દરેક વસ્તુ કોઈને કોઈ વસ્તુનો સંકેત આપે છે. સપના એ મનની કલ્પના છે. મન જ્યારે સ્વતંત્ર થઈ ફરવા લાગે ત્યારે રંગીન, સારા-ખરાબ, ડરામણા જેવા અનેક પ્રકારના સપના રચાવા લાગે છે. પરંતુ શું તમને ખબર છે, સપના એ માત્ર વિચારો નથી, એ તમારા જીવનના ઉતાર-ચઢાવ સૂચવે છે. આપણે સપનામાં શું જોઈ શકીએ છીએ તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. સપના રહસ્યમય હોય છે અને તેનો સાચો અર્થ શોધવાનું વિજ્ઞાન માટે પણ આજ સુધી શક્ય બન્યું નથી. આ જ કારણ છે કે સપનાનો અર્થ જાણવા માટે આપણે સ્વપ્ર વિજ્ઞાન અથવા જ્યોતિષની મદદ લઈએ છીએ.સ્વપ્ર ત્રણ સ્વરૂપના હોય છે. દિવાસ્વપ્રને ઊંઘ અને જાગરણ વચ્ચેની ચેતનાના સ્તર તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.ખોટા જાગૃત સપના – હું જાણું છું કે આ મારી સાથે સવારમાં ઘણી વખત બન્યું છે.

લ્યુસિડ ડ્રીમ્સ – જ્યારે તમે સમજો છો કે તમે સપનું જોઈ રહ્યા છો ત્યારે સ્પષ્ટ સપના આવે છે.

જો તમને વિચિત્ર સપના આવે છે, તો તે તણાવ, ચિંતા અથવા ઊંઘની ઉણપને કારણે હોઈ શકે છે. વિચિત્ર સપના જોવાનું બંધ કરવા માટે, તણાવના સ્તરને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરો અને ઊંઘની નિયમિતતાને વળગી રહો. જો તમે વિચિત્ર સ્વપ્રમાંથી જાગી જાઓ છો, તો ઊંડા શ્વાસ અથવા આરામની પ્રવૃત્તિનો ઉપયોગ કરીને સૂઈ જવું હિતાવહ છે!

તમને નિયમિત ડરામણા સપના આપવાનું કારણ તમારા ઘરમાં રહેલો વાસ્તુ દોષ હોઈ શકે છે. ખરાબ અને ડરામણા સપના આવવા પાછળ અનેક સ્થિતિઓ જવાબદાર હોય છે. જેમકે, બેડરૂમની દિશા, તમારા સુવાની દિશા, રૂમમાં રહેલી વસ્તુઓ વગેરે. સુતી વખતે માથુ દક્ષિણ તરફ અને પગ ઉત્તર તરફ રાખવા જોઈએ. જો સુતી વખતે તમારુ માથુ બેડરૂમમાં રહેલા વોશરૂમ તરફ છે તો તે ખરાબ સપના આવવાનું પ્રમુખ કારણ છે. આજકાલ ડબલબેડ બોક્સ વાળા આવે છે. જેમાં ઘરનો તમામ સામાન ભરી દેવામાં આવે છે. બેડમાં તમે નકામો તૂટેલો સામાન ઠાંસી ઠાંસીને ભર્યો છે તો તે બેડ પર સુનાર વ્યકિતની ઉંઘ બગાડી શકે છે. તેને કારણે ખરાબ સપના આવે છે. બેડરૂમમાં નિયમિત પાણીમાં મીઠુ નાખી પોતુ કરો. શક્ય હોય તો બેડરૂમની બારીએ તુલસીનો છોડ વાવો. તેનાથી પણ ખરાબ સપના આવતા નથી. રાત્રે સુતી વખતે તમારા માથા પાસે પાણીની ભરેલો જગ કે બોટલ રાખો જેથી ખરાબ સપના આવે નહિં .સુતી વખતે તકિયા નીચે કપડામાં બાંધી ઈલાયચી રાખો. તેનાથી ડરામણા સપના નહિં આવે. સુતી વખતે બેડરૂમમાં કપૂર સળગાવો તો ખરાબ સ્વપ્ર બંધ થઈ જવાની શક્યતા રહે છે!

સામાન્ય રીતે ૮ કલાકની ઊંઘમાં ચાર તબક્કાઓ હોય છે, દરેક તબક્કામાં આપણી આંખો ૧/૨ કલાકની હલનચલન કરે છે, જેને રેપિડ આઇ મૂવમેન્ટ સ્લીપ કહેવામાં આવે છે, આ મૂવમેન્ટ સાથે આપણા મગજમાં આલ્ફા અને ગામા તરંગો નિકળે છે, જેના કારણે સપના આવે છે, દરમિયાન દરેક તબક્કાના ૧/૨ (દોઢ) કલાક, આપણી આંખોની ગતિ સમાપ્ત થાય છે, ઊંઘની આ અવસ્થાને નોન-રેપિડ આઇ મૂવમેન્ટ સ્લીપ કહેવામાં આવે છે, આ ઊંઘની અવસ્થામાં ડેલ્ટા વેવ નીકળે છે, આ છે ગાઢ અવસ્થા. ઊંઘ, આ સ્થિતિમાં સપના આવતા નથી.

રાહુ સપનાનો અધિપતિ ગ્રહ છે અને કુંડળીમાં નવમું ઘર સપનાનું સ્થાન છે. સ્પષ્ટપણે, નવમા ઘરના ગ્રહો અને રાહુ સાથેનો તેમનો સહયોગ નક્કી કરે છે કે તમને કેવા સપના આવશે. જો નવમા ઘરના ગ્રહો રાહુના શત્રુ હોય અને ખાસ કરીને નબળા હોય તો તમને ભયંકર સ્વપ્રો આવશે.અલબત, સ્પષ્ટ સપના એ સૌથી દુર્લભ પ્રકારનું સ્વપ્ર છે. સ્વપ્ર જોતી વખતે તમે સભાન હોવ છો કે તમે સ્વપ્ર જોઈ રહ્યા છો પરંતુ તમે સપના જોતા જ રહો છો. સંશોધકોના મતે, ૫૫ ટકા લોકો તેમના જીવનમાં ઓછામાં ઓછા એક વખત આ પ્રકારના સપનાનો અનુભવ કરે છે.

સપના જોવાના કારણો પૈકી-દ્રષ્ટિ- જાગવાની અવસ્થામાં જે દેખાય છે તે સ્વપ્રમાં જોવું,શ્રુતા- સ્વપ્રમાં સૂતા પહેલા સાંભળેલી વસ્તુઓ જોવી,અનુભૂતા – જાગતી વખતે જે અનુભવ્યું છે તે જોવુ,પ્રાર્થિત- સ્વપ્રમાં જાગ્રત અવસ્થામાં પ્રાર્થનાની ઈચ્છા જોવી,દોષજન્ય- વાત, પિત્ત વગેરેના દૂષણને કારણે સ્વપ્ર જોવુ, ભાવિક – ભવિષ્યમાં શું થવાનું છે તે જોવાના મુખ્ય છે. કેટલીકવાર મૃતાત્માએ સ્વપ્રમાં દેખાઇને ખૂન જેવા ગુના એસીપી દયાની જેમ ઉકેલ્યા હતા.

સ્વપ્ર અનેક શુભાશુભનો સંકેત કરે છે.ભવિષ્યની ઘટનાની હિન્ટ આપે છે. તમારી સાથે અમંગળ બનાવ બનનાર છે તેની ચેતવણી આપે છે.ભગવાન મહાવીરની માતા મિશલાદેવીને વર્ધમાન એટલે ભગવાન મહાવીરના જન્મ અગાઉ ચૌદ સપના આવેલ. મહાવીર જયંતી સમયે પ્રસ્તુ સપનાનું વાંચન કરવામાં આવે છે!

સપનામાં પિત્ઝા, બર્ગર, મોમોઝ, ચિકન જોવું એ વિશે ક્યાંય ઉલ્લેખ નથી. સિગારેટ પીવી, શરાબ પીવો, ફર્લટિંગ કે ડેટ પર જવું સર્કસમાં હિપોને પોદળો કરતો જોવો, કોઠો જેવો વગેરે શુભાશુભ કહેવાય કે કેમ તેનો પણ ઉલ્લેખ નથી સપનામાં તમે કોઈની ફેંટ પકડીને ધોઉં નાંખો કે કોઇ તમને ધોઉં નાંખે તેને શું ગણવું ? તમે જન્મદિવસ શૂટ પહેરીને ફરો તેને શુભ આભાર - નિહારીકા રવિયા કે અશુભ કેટેગરીમાં ગણવા તેનુ પણ માર્ગદર્શન નથી.

મજાની વાત એ છે કે જે લોકોને આપણે સપનામાં જોતા હોઈએ તે લોકો તેમના સપનામાં આપણને જોતા હોતા નથી. અમારા રાજુ રદીને સ્વપ્રમાં તૃપ્તિ ડમરી, આલિયા ભટ, સની લિયોન કે મિંયા ખલીફા આવતી હોય તો તેના સ્વપ્રમાં રાજુ રદી આવે તે જરૂરી નથી અને ઈષ્ટ પણ નથી! શુભ કે અશુભ અકસ્માતની વણથંભી વણઝારથી કંટાળીને કવિ સૌમ્ય જોષી કહે છે,'ને માવડી પાસે માંગજે ખાલી,

સપના વિનાની આખી રાત.

અમારી ખુદની વાત કરૂં તો હું બે જગ્યાએ નોકરી કરી પગાર લઇ છું, હું તાલુકા મથકે નોકરી કરૂં છું અને મિત્રો સચિવાલયમાં લહેર કરે છે, વસ્ત્રો વિના રોડ પર ભટકું છું, મને રસ્તા -રેતના ઢુંવામાંથી પરથી ચલણી નોટ-સિક્કા મળે છે, સપનામાં પણ હું સપનું જોઉં છું એવું ફિલ થાય છે.જિંદગીમાં કોઇ દિવસ તમાકુ, સિગારેટ કે દારુનું વ્યસન કરેલ ન હોવા છતા સિગારેટના કંસ લેવા,કોઇ મહિલા તેની વક્ષ મને સાચવવા આપી ગઇ છે અને મેં ચંડીના ખિસ્સામાં રાખેલ છે, વારંવારે દબાઉ છું એવા સ્વપ્ર આવે છે. બીજા લોકો રસ્તા પર ચાલતા હોય અને હું હેરી પોટરની જેમ સીધો ઊભો રહીને ઉડતાળીસ જવા, વગર પાસપોર્ટ વિઝાએ ઈંગલેન્ડ ગયો હોય અને તેની જમીન રસ્તા અહીં જેવા છે એવા સ્વપ્રો આવે છે. નિજ ધર્મે નિંધનમ્ શ્રેષ્ઠમ્ પર ધર્મે ભયાવહ જેવી ફિલસૂફી ઝાડતા વગર એકવાર કોઇએ લમણે બંદૂક તાકી ઈસ્લામ કબૂલ કરવા જબરદસ્તી કરી, આયોતેના ઉચ્ચારણ ન આવડવા, નોનવેજ ખાવા કરેલ આગ્રહ સામે જૂના ધર્મમાં આજે ફાસ્ટ છે, કાલથી નોનવેજ ખાવાનું છે તેમ કહી નોનવેજ ટાળવું ,લાગ આવે ત્યારે ત્યાંથી રિક્ષામાં નાસી જવું, બાપુનગર જેવા ઓરિયામાં રિક્ષા પહોંચે ત્યારે પાકીટ નથી પણ ઘરે પહોંચીને પૈસા આપી દઇશ એવું પણ સ્વપ્ર આવેલ!

કેટલાક લોકોને ઊંઘમાં નસ્કોરા બોલતા હોય છે. જેને નસ્કોરા બોલાવવાની આદત હોય તેને તેના નસ્કોરા સાંભળવી પડતા નથી. નસ્કોરા બોલતા હોય તેને માટે એન્ટી સ્નોરિંગ ડિવાઇસ એટલે કે સીપીએપી મશીન આવે છે!જે લગાડવાથી નસ્કોરા ગાયબ..જેને સાંભળવામાં તકલીફ હોય તે હિયરિંગ એઇડનો ઉપયોગ કરે છે ગદ્યની તકલીફ હોય તેને પેસમેકર મુકવામાં આવે છે પગે ચાલવાની તકલીફ હોય તે કેલિપર્સ કે જયપુરી ફૂટનો ઉપયોગ કરે છે. અસ્થમાના રોગીઓ ઈનહેલરનો ઉપયોગ કરે છે.

વાદળની જેમ ફડાફડ તરતા સ્વપ્રોના પતંગિયાને નિયંત્રિત કરવા બ્રિટિશ કંપની પ્રોફોટિક કંપનીએ એક હેન્ડબેન્ડ બનાવી છે.જે લોકોના સ્વપ્રોને નિયંત્રિત કરશે. યેહ હુઇના બાત. ઉંટે કાઢ્યા ઢેકા તો માણસે કર્યા કાઠા!તેને અલ્ટ્રાસાઉન્ડ અને મશીન ર્લનિંગ મોડેલથી બનાવાઇ છે. વાસ્તવમાં, તે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે એઆઇ એટલે કે રોબોટ છે!

સ્વપ્ર નિયંત્રિત કરવા ધોળિયાએ બનાવેલ હેન્ડબેન્ડ ફિજુલ રોકાણ છે એમ અમારો રાજુ રદી ગાઇ વગાડીને કહે છે!સ્વપ્રોની પોઠ અટકાવા સ્વપ્ર પર અઠ્ઠાવીસ ટકા કે અઠ્ઠાવીસ હજાર ટકા ગબ્બરસિંહ ટેકસ નાંખી દો એટલે સ્વપ્રોની વાટ લાગી જશે અને સ્વપ્રો પતલી ગલીસે વટ જાયેંગે એમ આરઆર ગેંગનો ગેંગસ્ટર રાજુ રદી કહે છે! આ આરઆર ગેંગ કંઇ બલા છે? અરે બુધ્ધુઓ આરઆર ગેંગ એટલે રાજુ રદી ગેંગ. અન્ડરવ-ર્લ્ડઓવરવર્લ્ડમાં હમણાં જ નવી લોંચ થઇ છે!

ભરત વૈષ્ણવ

# જેનેટના હોઠે આવેલ એક હજાર કરોડ રૂપિયાના લોટરીનો ઇનામનો પ્યાલો હોઠે અડાડે તે પહેલાં ઢોળાઈ ગયો!

નસીબ અજમાવવાના સસ્તો અને સરળ કિમીયા પૈકી એક કિમીયો કારગર છે. લોટરીની ટિકિટ લેવી. પૈસાદાર થવાના અરમાનોને પંપાળવાનો ઉતમ રસ્તો છે.લોટરીનું પરિણામ ન આવે ત્યાં સુધી વ્યકિત ફીલ ગુડ અને ઈન્ડિયા શાઇનીંગ અનુભવે છે!પરિણામ આવે ત્યારે દેવીદેવતાને યાદ કરી ઇનામ લાગશે તો એક સો રૂપિયાનો થાળ ધરાવવાના મનોરથ કરે.પછી એ અભાગિયાનું ભડભાંખળા જેવું કિસ્મત ચમકે અને પૂરા પાંચ રૂપિયાનું જંગી-બમ્પર ઇનામ લાગે!ભગવાન પણ થાળની પઠાણી ઉઘરાણી કરે!

લોટરીની ટિકિટો એ શેક્સ પિયરના નાટકના જાણીતા ડાયલોગ ટુ બી ઓર નોટ ટુ બીનો ઝૂલો છે. અમર આશાઓ સાકાર કરવાનો મનસુબો છે.લોટરી લેનારાઓ શેખચલ્લીના સાતમી પેઢીએ સીધી લીટીના વારસદાર હોય છે! મની ચેનલ જેવી સ્વપ્રિલ સ્પોન્ઝી સ્કિમ છે. જેમાં ફાવે તે ડાહ્યો!એક રીતે લોટરી એ મુંગેરીલાલ કે હસીન સપને છે. જે લોટરીના પરિણામને દિવસે પતાના મહેલની કડડભૂસ થઇ ધ્વસ્ત થાય છે!લોટરી જીતી કરોડપતિ થવામાં સપના "દિલ કે અરમાન આંસુઓમેં બહ ગયે "ની જેમ ગટરગંગામાં વહી જાય છે!લોટરી એક અર્થમાં બ્લોક બસ્ટર ફિલ્મ એનિમલ માફક ગેમ ચેન્જર છે અને બીજી બાજુ કંગનાની ફલોપ ફિલ્મ તેજસ જેમ ગેમ ડિસ્ટ્રોયર પણ છે!છતાં ,લોકો "હો રાજ મને લાગ્યો લોટરીનો રંગ " ગીત ગાઉને લોટરી ડીઝનીલેન્ડમાં ઝંપલાવે છે!

લોટરીની ટિકિટ ખરીદી કરવામાં શેરબજારની જેમ લાંબી ઉથલપાથલ કે ઉઠકપટક થતી નથી.જેમાં રોકાણકારોની લાખો-કરોડો રૂપિયાની સંપતિનું ધોવાણ થતું નથી.લોટરીની ટિકિટની કિંમત જેટલા રૂપિયા બેકાર જાય છે. રાતે અગર બપોરે મેઘધનુષ જોતાં તરંગી માણસની જેમ કુબેર થવાના સપના અને સપના પણ જીએસટી મુક્ત જોવાનો કૈફ ચડે છે. મેં જેટલી વાર લોટરીની ટિકિટ લીધી છે, ટિકિટના છેલ્લા નંબરમાં મળતું ન્યુનતમ ઇનામ મને લાગે તેવી ભગવાનને ગુહાર લગાવી છે. બમ્પર ઇનામ ન મળે તો કાંઇ નહી પણ નાનું ઇનામ મળે તો રૂપિયા પડી ગયા તેવી નેગેટીવ ફિલિંગ ન આવે અને કશુંક મળ્યાનો અલ્પમાત્રામાં ચિદાનંદ રહે!જો હુ તમને એમ કહું કે લોટરીનું બમ્પર ઇનામ ન મળ્યું તો કોઇ વાંધો નહી. બમ્પર ઇનામ ન મળે તે જ ફાયદેમંદ છે. જો લોટરીનું બમ્પર ઇનામ મળ્યું હોત તો તમે દુખી દુખીના દાળિયા થઇ જાત. તમે મારી વાતને શું ગણશો? તમે મને ઢીલા સ્ક્રૂ ટાઇપ ગણશો?

અમારા એક મિત્ર મુકેશભાઈ સુંદર મરોડદાર અક્ષરે ફાઇલ લખતા હતા. એટલું મરોડદાર એનું જીવન ન હતું કેન્ટિનમાં ખુરશી પર બેસવાની બદલે નીચે ઉભડક પગે ગામડિયાની

જેમ બેસી ચા પીતા હતા. લોટરીના બેહદ શોખીન કે લોટરીખોર હતા. લોટરી પાછળ આખો પગાર ખરચતા હોય તો નવાઇ નહી. ઇનામની કેટલી રકમ મળી તે ભગવાન જાણે. તેમનું ઘર બન્યું અને સરકારી કવાર્ટર ખાલી કર્યું ત્યારે સ્ટીલની

કોઠી ભરીને પચીસ-ત્રીસ કિલો લોટરીની ટિકિટો મળેલી. આટલી રકમ નાની બચત કે બમણા થતા ઇંદિરા વિકાસપત્રોમાં રોકી હોત તો તે સમયમાં કમસે કમ કરોડપતિ હોત!

અમેરિકાના કેન્ટુકીનો માઇકલ સ્કલમેર રસોઇ બનાવી રહ્યો હતો!!રસોઇ કરતાં ગેસ ખલાસ થઇ ગયો.ગેસ લેવા માટે બજાર જવું પડ્યું. માઇકલ પાસે ચાલીસ ડોલર હતા.માઇકલે વીસ ડોલરનો ગેસ ખરીદ કર્યો. બાકીના વીસ ડોલરમાંથી લોટરીની ટિકિટ ખરીદી. માઇકલના સ્ટાર જોર કરતા હશે. માઇકલને દસ લાખ ડોલર એટલે ત્રણ કરોડ પચીસ લાખની લોટરી લાગી!માઇકલ ગેસપતિ થવાની સાથે કરોડપતિ બની ગયો. જો કે, સાલા મેં તો કરોડપતિ બન ગયા જેવું ગીત ગાયું કે નહી એની ખબર નથી.

અમેરિકાના મેસેચ્યુસ્ટસના એટનબરોના વતની એલેક્ઝાન્ડરે હદયરોગની શસ્ત્રક્રિયા કરાવી હતી.તેને લંગોટિયો મિત્ર લેરી હોસ્પિટલમાં ખબર કાઢવા ગયો.ગેટવેલ સુન અટલે શીઘ્ર સાજા થાવના સંદેશા સાથે સ્કેચ કરવાની લોટરીની ટિકિટ મોકલાવી.!આ લોટરીમાં એક લાખે એકને લાટરી લાગવાની સંભાવના રહેલી છે.આ લોટરીમાં ક્રોસવર્ડ ભરવાનો રહે છે.પહેલાં ત્રણ અક્ષરોમાં એડબલ્યુએમ હતો. પછી દિલ કોડ લગાવ્યો. ભાગ્યશાળીને ભૂત રળે તેમ એલેક્ઝાન્ડરને ૧ મિલિયન ડોલર ઇનામ લાગ્યું .જેનું ભારતીય ચલણમાં રૂપિયા ૭.૫૨ કરોડ થાય છે.

લોટરીનું બમ્પર ઇનામ જીતનાર વિજેતા અન્યો માટે ઈર્ષા, ક્રોધ, ગુસ્સા,હતાશાનું કારણ બને છે. સાલ્લો બાજી મારી ગયો અને આપણે હાથ (આપણે ત્યાં પૈસો હાથનો મેલ કહેવાય છે. આપણે હાથ ઘસીએ તો મેલના બદલે પાંચસો- બે હજાર રૂપિયાની કડકડતી નોટોની ગડી મળે એટલે હાથ ઘસીએ છીએ. પરંતુ, મેલનું પૈસામાં પરિવર્તન થતું નથી. કેમિકલ લોચા છે!)ઘસતા રહી ગયા તેવી લાગણી થાય છે. આપણને એમ થાય કે હવે તે જલ્સા કરશે. સોનું , ચાંદી મકાન, કાર ખરીદશે, ઐશ કરશે. આમ, આપણું હૈયું બળે છે!જો હુ તમને એમ કહું કે લોટરીનું બમ્પર ઇનામ ન મળ્યું તો કોઇ વાંધો નહી. બમ્પર ઇનામ ન મળે તે જ ફાયદેમંદ છે. જો લોટરીનું બમ્પર ઇનામ મળ્યું હોત તો તમે દુખી દુખીના દાળિયા થઇ જાત. તમે મારી વાતને શું ગણશો? તમે મને ઢીલા સ્ક્રૂ ટાઇપ ગણશો?લોટરીનો જેકપોટ લાગે એટલે તમે જંગ જીત્યો તેમ માની શકો નહી.લોટરી લાગ્યા પછી જીવન ધૂળધાણી અને રાનરાન અને પાનપાન જેવું બરબાદ થઇ જાય છે. તમને મારી વાતમાં વિશ્વાસ નથી આવતો ? કાંઇ વાંધો નહી. તમે અનૂપનો કિસ્સો વાંચશો એટલે દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જશે!

કેરળની રાજધાની તિરુવનંતપુરમના રિક્ષાવાળો અનૂપ શેફ તરીકે કાર્ય કરવા માટે મલેશિયા જવાની તૈયારી કરી રહ્યો હતો.અનૂપે ટિકીટ નંબર ટીજે-૭૫૦૫૦૬ ખરીદી હતી. તેના પર પચીસ કરોડ રૂપિયાની લોટરી લાગી હતી.અનુપને લોટરી લાગ્યા પછી સગા, સંબંધીઓ મિત્રો, સમાજ મદદ માંગવા જળોની જેમ ચોંટી પડયા હતી. બે વાર રહેઠાણ બદલવા છતાં માંગણી અટકી નહી!!અનૂપ એટલે જ કહે છે કે લોટરી સમીપ ન જાઉં, સખી લોટરી સમીપ ન જાઉં!

ન્યુયોર્કની જેનેટ વેલેન્ટીનીની ઉંમર સિતોતેર વરસ છે. વરસો પહેલાં એક ભૂલ કરેલી( તમે સબૂર કરો . તમે માનો કે સમજો છો એવી જુવાની કી ભૂલ નહીં. પેમલાપેમલી સિવાય બીજું કાંઇ સૂઝે છે, તમને?સડિયલ દિમાગ અને ઘટિયા સોચ છે તમારી!) જેનેટે લોટરીની ટિકિટ લીધેલ .જેનેટે લોટરીનું પરિણામ ચેક કર્યું. તેણે ખરીદેલ ટિકિટ પર અધધધધ કહી શકાય તેવું એટલે કે ૧.૨૦ કરોડ ડોલરનું ઇનામ લાગેલું.ભારતીય ચલણમાં કહુંતો તમારી છાતીના પાટિયા બેસી જશે. પૂરા ૧,૦,૦૦,૦૦,૦૦,૦૦૦ (એક હજાર કરોડ રૂપિયા પૂરા)તમને થશે કે ,જેનેટ ન્યાલ થઇ ગઇ હશે?પંચતંત્રની વાર્તાની જેમ ખાધું , પીધું ને રાજ કર્યું હશે.બટાકાનું શાક કર્યું હશે એમ તમે માનો છો ખરું કે નહી?બટ નોટ એટ ઓલ,સર! જેનેટ બુંદિયાળ હતી. જેનેટના હોઠે આવેલ ૧.૨૦ કરોડ ડોલર એટલે કે એક હજાર કરોડ રૂપિયાના ઇનામનો પ્યાલો હોઠે અડાડે તે પહેલાં ઢોળાઈ ગયો. કેમ કે,જેનેટે ખરીદેલ લોટરીની ટિકીટ પરિણામ પહેલા ડસ્ટબિનમાં નાંખી દીધેલ હતી, જે શોધવા છતાં ન મળી! ઓહ નો!આમ, તેણે ટિકિટ નહીં પણ સુખસાહેબી ડસ્ટબિનમાં ગફલતથી નાંખી દીધા! તેના હાથમાં માત્ર ને માત્ર કેવળ અફસોસ રહ્યો!

ભરત વૈષ્ણવ

# જેના ઘેર તુલસીને ગાય તેને ઘેર વૈદ્ય ન જાય



કામધેનું એટલે ઈચ્છા પૂરી કરનારી ગાયમાતા. કામ એટલે ઈચ્છા અને ધેનુ એટલે ગાય. કામધેનુ એ સમુદ્રમંથન વખતે નીકળેલાં ચૌદ રત્નમાંનું એક રત્ન છે, જેનામાં કલ્પવૃક્ષની જેમ યાચકની સર્વ ઈચ્છા પૂરી કરવાની શક્તિ હતી. જેમ દેવોમાં વિષ્ણુ, નદીઓમાં ગંગા શ્રેષ્ઠ છે તેમ ગાયમાં કામધેનું શ્રેષ્ઠ છે. કામધેનું ગાયની પુત્રી નંદિની પણ તેની માફક વરદાયિની છે. પુરાણો અનુસાર કામધેનુ એ દિવ્ય ગાય છે, જેનું દૂધ અમૃત સમાન મનાય છે. તેના વિષે એમ કહેવાય છે કે આ ગાય બ્રહ્મચારી હોવા છતાં તે દૂધ આપે છે અને જ્યારે ઈચ્છા થાય ત્યારે તેને દોહી શકાય તેવી વિશિષ્ટતા છે. કામધેનુ સાથે ઘણી પૌરાણિક કથાઓ જોડાયેલી છે. પરમ પૂજ્ય પરશુરામજીનાં પિતા જમદગ્નિના આશ્રમમાં કામધેનુ હતી, જેના પ્રતાપે તેમની પાસે પ્રતાપી શક્તિ હતી. આ કામધેનુનું અપહરણ કરનાર હજાર હોયગાળા સહસ્ત્રાર્જુનનો પરશુરામજીએ સંહાર કરી કામધેનુને આઝાદ કરી હતી. મહર્ષિ વશિષ્ઠનાં આશ્રમમાં 'શબલા' નામની કામધેનું હતી. વિશ્વામિત્રએ કામધેનુની શક્તિ જોઈને તેની માગણી કરી. શિષ્ટ ના પાડતાં યુદ્ધ થયું, જેમાં વિશ્વામિત્ર હાર્યા. રઘુવંશની પ્રગતિના મૂળમાં રહેલ દિલીપરાજા પાસે 'નંદિની' નામની કામધેનુ હતી.

ગાયમાં હું કામધેનુ છું એવું શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે. "શ્રી કૃષ્ણલીલા" માં ગૌચરણનું મહત્ત્વ બતાવ્યું છે. શ્રીકૃષ્ણ ભગવાને જાતે ગૌ-પૂજા કરી ટચલી આંગળી પર ગોવર્ધન પર્વત ધારણ કર્યો હતો ત્યારે કામધેનુએ પોતાના દૂધથી ભગવાનનો અભિષેક કર્યો હતો.

ચાર પ્રકારની ગાય છે – કામધેનુ, કપિલા, સુરભિ અને કવલી. ગીરગાય, બ્રાઝીલની કામધેનુ સિદ્ધ થઈ છે. વિદેશી જર્સી ગાય કરતાં ભારતીય ગાય વધુ સાત્ત્વિક હોય છે. આજના યુગમાં કામધેનુ ના હોય, પરંતુ ગાય માત્રને કામધેનુ ગણવી જોઈએ. સોલા ભાગવત વિદ્યાપીઠની ગૌશાળામાં રોજ સાંજે ગાયની આરતી થાય છે. દિવાળી અને મકરસંક્રાંતિમાં ગાયને ઘાસ ખવડાવવાનું, તેનું પૂજન કરવાનું એ ગૌસેવાનું મહાત્મ્ય છે. વ્યક્તિગત અને સામૂહિક રીતે ધાર્મિક, સામાજિક સંસ્થાઓ દ્વારા ગાયનું સંવર્ધન થાય તે ખૂબ જરૂરી છે.

વૈદિક ભારતીય સંસ્કૃતિની પરંપરા પ્રમાણે ગાયનું મુખ્ય સ્થાન લોકોનું આંગણું છે અને ત્યાં જ ગાય કામધેનું છે. જેને ઘેર તુલસી ને ગાય તેને ઘેર વૈદ્ય ન જાય. તેના દૂધ દ્વારા પોષક તત્ત્વો મળે છે. તે આરોગ્યનું રક્ષણ કરે છે અને ખેતી માટે બળદ પણ આપે છે. ચરકસંહિતા, સુશ્રુતસંહિતા તેમજ અન્ય ગ્રંથ જેમકે વાગ્ભટ્ટસંહિતા મુજબ ઔષધિઓ બનાવવા માટે પંચગવ્યને મહત્ત્વ આપ્યું છે, તેના છાણમાં લક્ષ્મીજીનો વાસ હોય છે. જ્યારે ગોમૂત્રમાં ભગીરી ગંગા વહે છે. ગાયનાં છાણાને બાળવાથી વાતાવરણ શુદ્ધ થાય છે માટે અગ્નિહોત્રમાં ગાયના છાણાનો ઉપયોગ થાય છે. મહાભારતમાં કહ્યું છે કે કોઈપણ વ્યક્તિ કોઈપણ વિષયનું વાંચન ગાયની પાસે બેસીને કરે તેને તે વિષય આત્મસાત્ થઈ જાય છે, કારણ કે ગાય હંમેશા ભાવ તરંગો છોડતી રહે છે એને લીધે આપણું મન સ્થિર, સંયમમાં રહે છે. ગાય સામે મળે તે શુકન કહેવાય. ગાયની આંખમાંથી નીકળતાં આંસુ અપશુકન કહેવાય. મૃતક પાછળ ગાયનું દાન સર્વશ્રેષ્ઠ ગણાય છે જે મૃતકને વૈતરણી નદી પાર કરવામાં સહાયક બને છે તેવું માનવામાં આવે છે. ગાયના પૂંછડાની પૂજા કરવામાં આવે છે. મૃત્યુ બાદ મૃતદેહને ગાયના છાણનું લીંપણ કરી, તેની ઉપર સૂવડાવવામાં આવે છે જેથી વ્યક્તિ અનેક પ્રકારના પાપમાંથી મુક્તિ મેળવી દેવલોકને પ્રાપ્ત કરે છે.

કામધેનુ એટલે મનોકામના પૂરી કરનારી એક કલ્પિત ગાય, યથાર્થ ગીતામાં કહ્યું છે કે, કામધેનું કોઈ એવી ગાય નથી જે દૂધની જગ્યાએ મનપસંદ વાનગી પીરસતી હોય. વસ્તુતઃ 'ગો' ઈન્દ્રિયોને કહેવામાં આવે છે. ઈન્દ્રિયો પરનું નિયંત્રણ ઈષ્ટને વશમાં રાખનારમાં હોય છે. જેની ઈન્દ્રિયો ઈશ્વરમાં સ્થિર થઈ જાય છે તેને કશાની જરૂર રહેતી નથી. તે જ સાચા અર્થમાં કામધેનુ છે. પ્રાર્થના કામધેનુ છે. જેનાથી નિર્ભયતા અને આત્મશુદ્ધિ થાય છે. ભકિત, વિદ્યા અને કર્મ કામધેનુ સમાન છે, એને દોતા આવડે તો આનંદરૂપી દૂધ મળે છે. ગીતાને કામધેનુ કહે છે. ગીતાનું દોહ્ન કરનારને તમામ સમસ્યાનું સમાધાન થઈને ઈશ્વર પ્રાપ્તિ થાય છે. આપણી ગાયમાતા એ આપણી પરંપરા છે. એંઠવાડો ઉલેચતી અને કચરો કે પ્લાસ્ટિક ખાતી, રઝળતી અને કત્તલખાને કપાતી ગાયનું રક્ષણ કરવું એ દરેક ભારતીય નાગરિકની ફરજ છે. ગૌસેવાના દિવડા પ્રગટી, અજવાળાં રેલાય તે જ જરૂરી છે. કામધેનુ સ્વરૂપ ગૌમાતાને આપણાં વંદન.

'વંદે ગૌ માતરમ્'

- મિત્તલ ખેતાણી